# આત્મધર્મ

## વર્ષ ૦૧

## સળંગ અંક ૦૦૬

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Nov 2005 | First electronic version. |

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક

## સમ્યકત્વની પ્રતિજ્ઞા

[ શ્રીમદ્ રાજચંદ્ર ]

"મને ગ્રહણ કરવાથી, ગ્રહણ કરનારની ઇચ્છા ન થાય તોપણ મારે તેને પરાણે મોક્ષ લઈ જવો પડે છે; માટે મને ગ્રહણ કરવા પહેલાં એ વિચાર કરવો કે મોક્ષે જવાની ઇચ્છા ફેરવવી હશે તોપણ કામ આવવાની નથી. મને ગ્રહણ કરવા પછી તો મારે તેને મોક્ષ પહોંચાડવો જોઈએ. ગ્રહણ કરનાર કદાચ શિથિલ થઈ જાય તોપણ બને તો તે જ ભવે અને ન બને તો વધારેમાં વધારે પંદર ભવે મારે તેને મોક્ષે પહોંચાડવો જોઈએ. કદાચ મને છોડી દઈ મારાથી વિરુદ્ધ આચરણ કરે અથવા પ્રબલમાં પ્રબલ એવા મોહને ધારણ કરે તો પણ અર્ધ પુદ્ગલ પરાવર્તનની અંદર મારે તેને મોક્ષે પહોંચાડવો એ મારી પ્રતિજ્ઞા છે!"


વર્ષ ૧ : અંક ૬

વૈશાખ : ૨૦૦૦

વાર્ષિક લવાજમ
અઢી રૂપિયા

૬

છુટક નકલ
ચાર આના

શિષ્ટ સાહિત્ય ભંડાર * મોટા આંકડિયા * કાઠિયાવાડ

# જ્ઞાન સમ્યક્ ક્યારે થયું ?

## પુ. શ્રી સદ્ગુરુદેવે તા. ૨૪-૨-૪૪ ની રાત્રે કહેલા અપુર્વ ન્યાયો

આત્મા વસ્તુ છે. તેમાં અનંત ગુણો છે; તેમાં દર્શનનો વિષય અભેદ–નિર્વિકલ્પ છે. જ્ઞાન વિશેષ અર્થાત્ સ્વ–પરને જાણનારૂં છે. શાસ્ત્રમાં જ્યારે જ્ઞાનની મુખ્યતાથી અધિકાર ચાલતો હોય ત્યારે ભેદથી કથન આવે. દર્શન અભેદ છે એટલે કે દર્શન પોતાને (દર્શનગુણને) કે પરને જાણતું નથી. દર્શનનો વિષય અખંડ દ્રવ્ય છે. એક સમયમાં બધા ગુણોનો પિંડ જે દ્રવ્ય છે તે દર્શનનો વિષય છે, એક સમયના દર્શનના વિષયમાં આખું દ્રવ્ય છે.

જ્ઞાનની પર્યાયમાં દર્શનને અને દર્શનના વિષયને (અભેદ દ્રવ્યને) જાણતાં તેમાં (જ્ઞાનની પર્યાયમાં) આખું દ્રવ્ય અને બધા સંયોગો જણાય છે. જ્ઞાન અનંત ગુણોને અને પોતાને જાણે છે તેથી જ્ઞાનનું સ્વ–પર પ્રકાશક સામર્થ્ય છે. જ્ઞાનને નક્કી કરતાં તેની એક સમયની પર્યાયમાં આખું દ્રવ્ય અને દ્રવ્યના દર્શન વગેરે અનંત–ગુણો આવી જાય છે–જણાય છે.

જ્ઞાનના એક સમયમાં પર્યાય અને પૂર્ણ દ્રવ્ય આવી જાય છે; જેવું કેવળજ્ઞાનમાં જણાય તેવું જ જ્ઞાનની એક સમયની પર્યાયમાં જણાય છે. જ્ઞાનની લોક–અલોકને જાણવાની શક્તિને પણ એક સમયની જ્ઞાનની પર્યાયે નક્કી કરી છે.

એક જ્ઞાનની પર્યાયમાં વસ્તુપણે તો કૃતકૃત્ય છું [પુરુષાર્થની નબળાઈના કારણે પર્યાયમાં ક્રમ પડે તે વાત ગૌણ છે.] એમ નક્કી કરતું જ્ઞાન તે સ્વ–પર પ્રકાશક છે.

દર્શનના સ્વભાવને નક્કી કરતું જ્ઞાન તે સાચું જ્ઞાન છે. જ્યાં દર્શન પ્રધાનતાથી વર્ણન ચાલતું હોય ત્યાં તે પણ જ્ઞાનનો જ વિષય છે, કારણકે દર્શન પોતે પોતાથી જણાતું નથી, પણ દર્શનને જાણનારું જ્ઞાન છે.

દર્શનનો વિષય નક્કી કરે તે જ્ઞાન સમ્યક્ છે; દર્શનનો વિષય અખંડ છે; તે નિમિત્ત, પર્યાય કે ભેદને સ્વીકારતું નથી. અને જો જ્ઞાનમાં નિમિત્તને ન માને તો જ્ઞાનની ભૂલ થાય છે; છતાં પણ જ્ઞાન તો દર્શનને જાણે છે અને દર્શનમાં નિમિત્ત પર્યાય કે ભેદનો નકાર છે એમ પણ જાણે છે. આ રીતે બધા ગુણોથી વસ્તુને નક્કી કરે તે જ્ઞાન સમ્યક્ છે.

આત્માનું લક્ષણ ચેતના; ચેતનામાં બે ભેદ–૧–દર્શન અને ૨–જ્ઞાન. (તેને ગ્રહણ કરવું એકાગ્ર થવું– તે ચારિત્ર છે.)

દર્શનના વિષયે અભેદ વસ્તુ લક્ષમાં લીધી છે. અને જ્ઞાને દર્શનના આખા વિષયને નક્કી કર્યો છે, જ્ઞાને દર્શન ગુણને નક્કી કરતાં તેમાં દર્શનના વિષયને પણ નક્કી કર્યો છે.

'આ રીતે જ્ઞાને દર્શનને જાણ્યું અને દર્શનના વિષયમાં આખું દ્રવ્ય આવ્યું છે તેથી જ્ઞાનમાં બધું આવી જાય છે.'

પર્યાય કે નિમિત્ત તે જ્ઞાનમાં પણ ગૌણ થાય છે. પર્યાય ખીલવાની છે કે ખીલી છે એવા ભેદને જ્ઞાન જાણે છે, દર્શન તો માત્ર 'નિર્વિકલ્પ અસ્તિ' છે.

દર્શન જે ઉપયોગ રૂપ ગુણ છે તેનો સામાન્ય વિષય છે. તેને [દર્શનને] પણ જ્ઞાને નક્કી કર્યું છે, અને તેના અભેદ વિષયને પણ જ્ઞાને નક્કી કર્યું છે. જ્ઞાન સવિકલ્પ છે.–એટલે કાંઈ રાગ વાળું નથી, પણ તેનું સ્વ–પરને જાણવાનું સામર્થ્ય છે. જ્ઞાનમાં દર્શનને નક્કી કરતાં દર્શનનો અભેદ વિષય પણ નક્કી થઈ જાય છે.

દર્શનના વિષયમાં તો શુદ્ધ પર્યાય થવી તે છે જ નહીં અને જ્ઞાનના વિષયમાં પણ પર્યાય ગૌણ છે.

આત્મામાં જે અનંત ગુણો છે, તે બધાને જાણનાર તો જ્ઞાન જ છે. બીજા બધા તો અસ્તિરૂપે જ છે. જ્ઞાને જે જાણ્યું તેમાં આખી વસ્તુ એકજ ક્ષણમાં આવી જાય છે. વર્તમાન ઊણી પર્યાય છે તેને પણ જ્ઞાન જાણે છે અને જ્ઞાનની એક સમયની પર્યાય પરિપૂર્ણ દ્રવ્યને પણ જાણે છે; આ રીતે જ્ઞાન દ્રવ્ય–પર્યાય બન્નેને જેમ છે તેમ જાણે છે.

જે સમયે જ્ઞાન સમ્યક્‌રૂપે પરિણમ્યું ત્યારે પણ નિમિત્ત અને રાગનું જ્ઞાન કરવાનું તેનું સામર્થ્ય છે. (અનુસંધાન પાન ૧૦૮–છેલ્લું)

## પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ,



પૂજ્ય આચાર્ય સત્પુરૂષ શ્રી કાનજી સ્વામી

એ ધન્યદિનને આજે ૫૪ વર્ષ પૂરાં થયાં કે જે દિને અમ અનાથોના નાથનો જન્મ થયો. આજે આપ ૫૫ માં વર્ષમાં પ્રવેશ કરો છો. આજના સુપ્રભાતે અમ સૌ શિષ્ય જનોની અમારા એ તરણ તારણને ભાવપૂર્વકની ત્રિકાળ વંદના હો.

આપશ્રીનો અમારા ઉપર અનહદ ઉપકાર છે, ઘોર અંધકારમાંથી આપ અમોને સૂર્ય સમા ઉજ્વળ અને ચંદ્ર સમા શીતળ પ્રકાશમાં લાવ્યા છો. ધર્મબુદ્ધિએ આપના પરિચયમાં આવેલા અનેક મુમુક્ષુ જીવોના આપ ઉદ્ધારક નિવડયા છો.

કૃપાળુદેવ! જગતમાં બૂડતાં સત્યને ઉપર લાવી વિશ્વધર્મ અને તેનું સ્વરૂપ શું છે તે આપે સ્પષ્ટપણે બાળક પણ સમજી શકે તેવી ઘરગથ્થુ, સરળ અને મધુરી ભાષામાં બતાવી જગત પાસે ધર્યું છે.

દુઃખ, દુઃખ અને દુઃખના પોકારો કરતી, સુખને માટે જ્યાં ત્યાં આથડતી માનવ જાતને આપ શાશ્વત સુખનો રાજમાર્ગ બતાવી રહ્યા છો, કદી ન સાંભળેલી, ન ગળે ઉતરેલી એવી અપૂર્વ વાણી આપ સંભળાવી રહ્યા છો.

પ્રભુ! અનંત જ્ઞાનીઓએ જગતના જીવોને મરતા બચાવવા માટે આપેલી સંજીવનીની આપ લ્હાણી કરી રહ્યા છો. પરંતુ ખામી છે અમારા પુરુષાર્થની કે અમો એ અમૃતને પુરેપૂરૂં ઝીલી નથી શકતાં. છતાં ગુરુદેવ! આપ કરુણા ભીના હૃદયે અમ બાળ જીવોને એ જ્ઞાન સરિતા દર્શાવી રહ્યા છો તે માટે અમો સદૈવ આપના ઋણી છીએ.

આજના આ સુભાગી દિને આજ સુધીમાં આપની કંઈ એ અશાતના થઈ હોય તો ક્ષમા યાચીએ છીએ અને જુગ જુગ જીવી એ સનાતન જૈન ધર્મની પ્રભાવના કરો એમ પ્રાર્થીએ છીએ.

પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજી સ્વામીએ વિહાર કરતાં (રાજકોટ પરા) લાખાણી ભુવનમાં આપેલો ઉપદેશ

આત્મા સ્વતંત્ર વસ્તુ છે. અનાદિ અનંત શુધ્ધ વસ્તુ છે. માત્ર વર્તમાન વર્તતી ક્ષણીક અવસ્થામાં રાગદ્વેષ છે તે ત્રિકાળ સ્વભાવમાં નથી; વસ્તુ નિરપેક્ષ છે. પર્યાયમાં પરની અપેક્ષાએ થતા રાગ દ્વેષ તે સ્વરૂપમાં નથી; આત્મા અને દરેક વસ્તુ સ્વતંત્ર-પરથી નાસ્તિરૂપ અને સ્વથી અસ્તિરૂપ છે; આ રીતે વસ્તુને જાણ્યા વિના-શ્રધ્ધા કર્યા વિના-કદી પણ સ્વતંત્ર સુખદશા કોઈને પ્રગટી નથી, પ્રગટતી નથી અને પ્રગટશે નહિ. આ અનંત સિધ્ધ ભગવંતોએ (સર્વજ્ઞ ભગવાનોએ) અને ત્રણે કાળના જ્ઞાનીઓએ કહેલી વાત તે જગતને માન્યે જ છૂટકો છે.

આત્મા વસ્તુ સ્વતંત્ર છે. 'સ્વથી અસ્તિ' તે સ્વભાવે- નિશ્ચય છે. 'પરથી નાસ્તિ' તે વ્યવહાર છે કેમકે તેમાં પરની અપેક્ષા આવે છે.

ફાગણ વદ ૩

## ત્રિહુજગવંદન ત્રિસલાનંદન ભગવાન શ્રી મહાવીર સ્વામીનું

# જીવન ચરિત્ર

લેખક:- રામજીભાઈ માણેકચંદ દોશી

### તીર્થંકરનો જન્મ ક્યારે થાય ?

કર્મભૂમિમાં આત્માનું સ્વરૂપ સમજવાને પાત્ર ઘણા જીવો હોય છે ત્યારે એક જીવ પોતાનો ઉન્નતિક્રમ સાધતો સાધતો તે ભવે પોતાના ગુણો પૂરા કરનાર તથા પુણ્યમાં પણ પૂરો એવો, મનુષ્યપણે જન્મે છે. તે જીવ કેવળજ્ઞાન પામે ત્યાર પછી પાત્ર જીવો આત્માના સ્વરૂપનો તેમનો ઉપદેશ (તેમનો ઉપદેશ ઇચ્છાપૂર્વક હોતો નથી) સાંભળી, સ્વરૂપની ભ્રમણા ટાળી ધર્મ પામે છે અને વિકારના મહાસમુદ્રને તેઓ તરી જાય છે. તેમજ તીર્થંકર ભગવાનના નિર્વાણ પછી ધર્મ પામવાને લાયક જીવો હોય છે, ત્યાં સુધી એના ઉપદેશ અને આગમના અભ્યાસ વડે ધર્મ પામે છે અને ત્યાં સુધી દરેક તીર્થંકરનું શાસન ચાલે છે. તે કારણે તેવા કેવળજ્ઞાની પુરુષને તીર્થંકર કહેવામાં આવે છે. વર્તમાન ચોવીશીમાં ભરત ભૂમિમાં તેવા જીવો ચોવીશ થયા છે, તેમાં શ્રીવર્ધમાનસ્વામી છેલ્લા થયા છે.

### મહાવિદેહ અને આ ક્ષેત્રનો ફેર

કર્મભૂમિમાં મહાવિદેહ ક્ષેત્રમાં આત્માનું સ્વરૂપ સમજવાને પાત્ર જીવો હંમેશા હોય છે. અને તેથી ત્યાં તીર્થંકરો પણ હંમેશાં હોય છે. ભરત અને ઇરવતમાં તેવા લાયક જીવો કેટલીક વખતે હોય છે અને કેટલીક વખતે હોતા નથી.

કાળ ક્રમમાં જ્યારે તેવા લાયક જીવો આ ક્ષેત્રે હોય છે ત્યારે તીર્થંકર જન્મે છે, અને જીવો ધર્મ પામે છે. તીર્થંકર ભગવાનના નિર્વાણ પછી પણ તેમનો ઉપદેશ સમજીને ધર્મ પામનારા જીવ જ્યાંસુધી હોય ત્યાં સુધી તે તીર્થંકરનું શાસન ચાલે છે. કેટલોક વખત ધર્મવિચ્છેદ પણ અહીં થઈ જાય છે. તેવા આંતરા ચોથા કાળમાં તીર્થંકર ભગવાનશ્રી સુવિધિનાથથી શરૂ કરીને સાતતીર્થોમાં આવેલાં હતાં.

### ચાલતા કાળમાં ધર્મશાસન

પંચમકાળમાં ધર્મવિચ્છેદ નથી, ધર્મ તે પાંચમા આરાના છેડાસુધી એટલે કે ૨૧૦૦૦ વર્ષ સુધી ચાલશે અને તેમાંથી હાલ ૨૫૦૦ વર્ષ જ ગયાં છે. ચોથાના ધર્મવિચ્છેદ કાળની અપેક્ષાએ આ કાળ સારો છે. ધર્મ આ આરાના છેડાસુધી રહેશે તેથી તેવા લાયક જીવો હાલ આ જગતમાં છે અને હવે પછી પણ થશે એ સ્પષ્ટ છે.

ધર્મના સ્વરૂપને નહીં સમજનારાઓ, ધર્મના નાયકો અને અગ્રેસરો થઈ બેસે ત્યારે જિજ્ઞાસુ પાત્રજીવોને ધર્મ પામવાની અડચણો ઘણી છે. (આ વખતનું વર્ણન છેવટ આપવામાં આવ્યું છે) તે અપેક્ષાએ આ કાળને હલકો કહેવામાં આવે છે, છતાં આ કાળમાં ધર્મ પામનારા જીવો અત્યારે છે અને ભવિષ્યમાં પામશે માટે જીવોએ નિરુત્સાહી થવા કારણ નથી. એ પ્રકારે ભગવાન શ્રી વર્ધમાન સ્વામીનું શાસન આ ક્ષેત્રે હાલ પ્રવર્તે છે.

### ભગવાન મહાવીરના માતા પિતા, જન્મસ્થાન અને મિતિ.

ભગવાન મહાવીરનો જન્મ વિક્રમસંવત્ પૂર્વે ૫૪૩ ના વર્ષે ચૈત્ર સુદ ૧૩ ના રોજ વૈશાળી દેશમાં કુંડલપુર મધ્યે રાજા સિદ્ધાર્થને ઘેર થયો હતો. તેમની માતાનું નામ ત્રિસલાદેવી હતું. ભગવાન મહાવીરના પૂજ્ય પિતા ઇક્ષ્વાકુ યા નાથ વંશના મુકુટમણી સમાન ગણાતા હતા. ભગવાનના માતા ત્રિસલાદેવી લિચ્છવી ક્ષત્રીઓના નેતા રાજા ચેટકનાં પુત્રી હતા.

### ભગવાનને તીર્થંકર નામકર્મનો બંધ

ભગવાન મહાવીર આગલા ત્રીજા ભવમાં છત્રાકાર નગરના નંદરાજા હતા. તેઓ સમ્યગ્દ્રષ્ટિ હતા અને નિઃશંકાદિસહિત સમ્યક્ત્વના આઠ આચાર તેઓએ પ્રગટ કર્યા હતા; અને શ્રાવકના સાચા બાર વ્રત અંગીકાર કર્યા હતા. ત્યાર પછી મહામુનિ પ્રૌષ્ઠિલના ઉપદેશથી યથાર્થ સાધુપણું અંગીકાર કર્યું હતું; તે નંદ મુનીશ્વરે ભાવસહિત સોળ ભાવના ભાવતાં તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.

### પછી અચ્યુત સ્વર્ગનાં ઇન્દ્ર

આયુષ્ય પૂરું થતાં તેઓ અચ્યુત સ્વર્ગનાં ઇન્દ્ર તરીકે જન્મ્યા.

ત્યાં સમ્યગ્દર્શન સહિત સમ્યગ્દષ્ટિ ના આઠ આચારનું સેવન કર્યું. સ્વર્ગનાં ભોગને સડેલ તરણાં સમાન ગણતા, એ રીતે આયુષ્ય પૂર્ણ થતાં સમાધિમરણ કર્યું.

## તેમના જન્મ પહેલાં છ માસ રત્નનો વરસાદ

અચ્યુતસ્વર્ગના ઇન્દ્ર તરીકે ભગવાનનું છ માસ આયુષ્ય રહ્યું ત્યારે સૌધર્મ સ્વર્ગના ઇન્દ્રે કુબેરને જણાવ્યું કે ભરતક્ષેત્રમાં સિદ્ધાર્થ રાજાને ઘેર કુંડલપુરમાં અંતિમ જિનેશ શ્રીવર્ધમાન ભગવાનનો જન્મ થવાનો છે. માટે નગરની શોભા કરી અને રત્ન વરસાવો. કુબેરે તે હુકમ માથે ઉઠાવી તેનો અમલ કર્યો. એ પ્રમાણે રત્નનો વરસાદ વરસ્યો.

## માતાજીનાં ગર્ભમાં આવવું

છ માસ પૂરા થતાં એકરાત્રે પાછલે પહોરે અશાડ સુદ ૬ ના રોજ જગપ્રસિધ્ધ સોળ સ્વપ્ના ભગવાનનાં માતાજી ત્રિસલા દેવીને આવ્યાં. ત્યારપછી તેઓએ સિદ્ધાર્થ રાજા પાસે આવી પોતાને સોળ સ્વપ્ના આવ્યાનું જણાવ્યું અને તેનું ફળ રાજાજીને પૂછયું, તે ઉપરથી રાજાજીએ દરેક સ્વપ્નાનું ફળ કહ્યું, અને જણાવ્યું કે તમારા ગર્ભમાં અંતિમ જિન આવ્યા છે, એ સાંભળી હર્ષ પામી માતાજી વિદાય થયાં. ભગવાનનો ગર્ભકલ્યાણક ઉજવવા દેવો કુંડલપુર આવ્યા-ભગવાનની માતાની સેવામાં ૫૬ દેવીઓ રહ્યાં, તેઓ ભગવાનની માતાને ધર્મ સંબંધી અનેક પ્રશ્નો અને વાર્તાઓ કરતી.

## જન્મ કલ્યાણક

ચૈત્રસુદ ૧૩ને દીવસે ભગવાનનો જન્મ થયો. ભગવાનનું શરીર દીપાયમાન તથા ઉદ્યોતમાન હોય છે. તેમના જન્મ વખતે આખા વિશ્વમાં પ્રકાશ થાય છે, અને નારકીના જીવ પણ થોડા વખત માટે સાતા અનુભવે છે. તે વખતે ચારે પ્રકારના દેવોના આસન કંપ્યા અને દેવલોકનો અનાહત ઘંટનો અવાજ થયો. સૌધર્મનાં ઇન્દ્ર વગેરે દેવો અને દેવીઓ ભગવાનનો જન્મ ઉજવવા માટે આવ્યાં. ભગવાનને મેરૂપર્વત ઉપર લઈ જઈ જન્મ અભિષેક કર્યો, ત્યાંથી પાછા આવી ભગવાનને તેમના માતાજી પાસે મૂકી તેમના માતા પિતાનું સન્માન કરી સૌધર્મઇન્દ્રે તાંડવ નૃત્ય કર્યું.

## ❀ ❀ ❀ આજીવન બ્રહ્મચર્યવ્રત ❀ ❀ ❀

વીંછીઆમાં બીજા ત્રણ મુમુક્ષુભાઈઓ-શેઠ ડાયાલાલ કરશનજી, શાહ ભાઈચંદ કસળચંદ, અને વાણંદ ઘેલાભાઈ હાવા-એ પ્રમાણે ત્રણેએ સાં. ૨૦૦૦ ના ચૈત્ર સુદ ૨ રવિવાર [ તા. ૨૬-૩-૪૪ ] ના રોજ સવારે સજોડે આજીવન બ્રહ્મચર્યવ્રત પરમ પૂજ્ય શ્રી સદ્‌ગુરુદેવ પાસે ગ્રહણ કર્યું છે.

## કેટલાક ખુલાસા

આ બાબતના અપરિચિત કેટલાક જીવોએ આ કથન સાંભળ્યું ન હોય તેથી સમજવા માટે વિશેષ સ્પષ્ટતાની જરૂર છે. આ ક્ષેત્રમાં હાલ જે જીવો છે તેઓમાં લૌકિક પુણ્યવાળા કેટલાક હોય છે, તેઓએ પૂર્વ ભવોમાં આત્માનું દુર્લક્ષ કરી કંઈક મંદકષાય કર્યો હોવાથી તેમને હલકા પુણ્યના ઉદયના ફળ તરીકે સગવડવાળા બાહ્ય સંયોગો આજે પણ જોવામાં આવે છે. ધનવાનોની પત્નીઓ કે રાણીઓના ગર્ભની રક્ષા કરવા માટે નોકરો, દાસીઓ, દવા, વૈદો વગેરેની સગવડો જોવામાં આવે છે. બાળકના જન્મ વખતે પણ અનેક પ્રકારની સગવડો જોવામાં આવે છે.

સાધારણ સ્થિતિના પુરુષને ત્યાં પુત્ર જન્મના અવસરથી શરૂ કરતાં એક ચક્રવર્તીને ત્યાં પુત્ર જન્મનો ઉત્સવ ઉત્તરોત્તર વધવા છતાં પણ પરિપૂર્ણતાને પામતો નથી, જેને ત્યાં તીર્થંકર પુત્રનો જન્મ થાય તેને ત્યાં તે ઉત્સવ પરિપૂર્ણ થાય છે.

તીર્થંકરનો જન્મમાત્ર મનુષ્યોનેજ આનંદિત કરે છે એમ નથી, પણ ત્રણે લોકનાં પ્રાણીઓને ( મનુષ્યો, તિર્યંચ-દેવ તથા નારકી સર્વેને ) આનંદિત કરે છે. સાથે સાથે તેનો જન્મ કલ્યાણક મહોત્સવ કરવા માટે મોટામોટા ચક્રવર્તી અને ઇન્દ્ર વગેરે સર્વે પરિવાર સહિત આવે છે, અને પોતાને ધન્ય માને છે; કારણ કે તીર્થંકરનો જન્મ સંસારના પ્રાણીઓનો ઉદ્ધારક નિવડે છે. આ કાળના ચોવીશ તીર્થંકરોમાંથી ચોવીશમા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી છે. તેમનો જન્મ થતાં ત્રણેલોકમાં શાંતિનું સામ્રાજ્ય છવાઈ ગયું હતું. જાતિ વિરોધી પ્રાણી પણ ક્ષણભરને માટે શાંતિમાં ઓતપ્રોત થયા હતાં.

પૂર્વદિશા જેમ સૂર્યને જન્મ આપી અંધકારનો નાશ કરે છે તેથી પણ અન્ય પ્રકારે ઘણો જ અધિક, કુંડલપુરના મહારાજા સિધ્ધાર્થની મહારાણી ત્રિસલા દેવી ( પ્રિયકારિણી ) એ ભગવાન મહાવીરને જન્મ આપી સંસારના

મહાન અજ્ઞાનાંધકારનો નાશ કરાવ્યો હતો, તેના જેવો નાશ અનંત સૂર્યોદ્વારા ત્રણે કાળમાં થવો સર્વથા અશકય છે.

ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકના મહોત્સવનું વર્ણન બીજા સંસારી પ્રાણીઓના જન્મોત્સવથી સર્વથા લોકોત્તર અનુપમ અને અસાધારણ છે અને પ્રાણી માત્રના કલ્યાણનું તે કારણ છે.

સમ્યગ્દ્રષ્ટિને એટલેકે આત્મ સન્મુખ ભાવ રાખનાર જીવને જ્યારે પોતાના સ્વરૂપમાં સ્થિર રહી શકે નહિ અને ધર્માનુરાગમાં કર્તૃત્વભાવ વિના જોડાવાનું થાય છે ત્યારે કોઈને તીર્થંકર નામ પદની પુણ્ય પ્રકૃતિનો બંધ અવાંછિતવૃત્તિથી થાય છે, જગતમાં એ સર્વોત્તમ પુણ્ય છે. પુણ્યનું કોઈ પદ તેનાથી ઉંચું નથી. તેવા પુણ્યવાળા જીવના માતા પિતા પણ ઉંચા પુણ્યવાળા હોય છે. તેવા પુણ્યવાળા જીવના ગર્ભકલ્યાણક જન્મ કલ્યાણક સર્વોત્કૃષ્ટ રીતે ઉજવાય તે ન્યાયસર છે. સૌધર્મના ઇન્દ્ર તથા બીજાં ઘણા દેવો સમ્યગ્દ્રષ્ટિ હોય છે. તેઓ ભરતખંડમાં કેવળજ્ઞાનનો સૂર્ય હવે થોડાવખતમાં ઉગવાનો છે એમ જાણતાં તેમને ધર્મ રુચિ હોવાથી, આવા મહાન ધર્મીજીવના કલ્યાણકો પોતાના લાભ માટે ઉજવે છે. સમ્યગ્દ્રષ્ટિ પૂર્ણ વીતરાગ ન થાય ત્યાંસુધી તેને સત્ દેવ–સત્ગુરુ અને સત્ધર્મ તરફ આવો રાગ આવ્યા વિના રહે નહિ, અને તે રાગથી પોતાને ધર્મ થશે એમ કદી માને નહિ.

## નિશ્ચય વ્યવહારનું સ્વરૂપ

**ટુંકા અર્થો** નિશ્ચય-સ્વાવલંબી ભાવ વ્યવહાર-પરાવલંબી ભાવ

મુમુક્ષુઓ વિચારો કે–બેમાંથી કયો ભાવ આત્માને સુખનું કારણ થાય—એકજ ઉત્તર હોઇ શકે કે પરાવલંબી ભાવથી આત્માને લાભ થાય નહિ, અને સ્વાવલંબીથી આત્માને સુખ થયા વગર રહે નહિ.

### પુર્વ ભવના જ્ઞાનોનું ભગવાનને ચાલુ રહેવું

ભગવાન તેમની માતાના ગર્ભમાં આવે ત્યારે તેઓ સમ્યગ્દ્રષ્ટિ હોય છે, અને તેમને સુમતિ, સુશ્રુત અને સુઅવધિ એમ ત્રણ જ્ઞાનો હોય છે, અને જન્મે ત્યારે પણ તે ત્રણે જ્ઞાનો સહિત જન્મે છે.

### ભગવાનના શરીરની રચના

ભગવાનના શરીર ઉપર ૧૦૦૮ ઉત્તમ ચિહ્નો હોય છે. તેમના શરીરમાં બાળક, તરુણ કે વૃદ્ધપણું હોતું નથી. બાળકની માફક અજ્ઞાનતા, યુવાનની માફક મદાન્ધપણું અને વૃદ્ધની માફક જિર્ણ દેહ હોતા નથી; આખી જિંદગી તેમના શરીરનું અત્યંત સુંદરરૂપ અને અતુલ બળ રહે છે. તેમનું શરીર પસીનો, લાળ વગેરે રહિત હોય છે. જો કે કેવળજ્ઞાન પામતાં સુધી અશનપાન હોય છે તો પણ જન્મથી નિહાર હોતો નથી. તેમની માતાને ઋતુશ્રાવ હોતો નથી.

### ભગવાનના જન્મના દશ અતિશયો

ભગવાનને ચોત્રીશ અતિશયો હોય છે, તેમાં દશ જન્મના અતિશયો છે, દશ કેવળજ્ઞાનથી ઉપજતા અતિશયો હોય છે, અને ચૌદ દેવકૃત હોય છે. તેમાંથી જન્મના દશ અતિશયોનાં નામ નીચે પ્રમાણે છે.

(૧) મળમૂત્રનો અભાવ. (૨) પસીનાનો અભાવ (૩) ધોળું લોહી (૪) સમચતુરસ્ર સંસ્થાન, (૫) વજ્ર રૂષભનારાચ સંહનન (૬) સુંદર રૂપ (૭) સુગંધી શરીર (૮) સુલક્ષણતા (૯) અતુલબળ (૧૦) હિતમિષ્ટવચન.

સમ્યગ્દર્શનની ભૂમિકામાં તીર્થંકર કર્મ પ્રકૃતિ બંધાય એવો ભાવ આવે છે, તે શુભભાવ છે. તેને સમ્યગ્દ્રષ્ટિ પોતાનાં ગુણની હાનિ માને છે, પુણ્યથી ધર્મ થાય એમ માનનારને સમ્યગ્દર્શન પ્રગટે નહિ, એ મુમુક્ષુઓએ લક્ષમાં રાખવાની જરૂર છે. પુણ્યનું આ કથન પુણ્યનું સ્વરૂપ સમજવા માટે શાસ્ત્રોમાં આપ્યું છે. આત્માને તેથી લાભ થાય છે એમ મનાવવા માટે આપ્યું નથી.

### ભગવાનની બાલ્યાવસ્થા

તીર્થંકર પોતાના કાળમાં સર્વોકૃષ્ટ હોય છે, તેઓ ગૃહસ્થ અવસ્થામાં તે પદના ગૃહસ્થોમાં સર્વોત્કૃષ્ટ હોય છે; તેમનો પુરુષાર્થ હંમેશા આત્મા તરફ વળતો હોય છે. આઠમે વરસે તેમણે પરાવલંબન વૃત્તિ પુરુષાર્થથી એટલી તોડી હોય છે કે તેઓને પંચમ ગુણસ્થાનની શુદ્ધિ પ્રગટે છે; અને શુભભાવમાં બારવ્રતનું ગ્રહણ પ્રગટે છે. તેમને સમ્યગ્જ્ઞાન પૂર્વકનો વૈરાગ્ય હોય છે. ભગવાન શુદ્ધને લક્ષે ધર્મ ભાવનામાં તલ્લીન રહેતા,

તેથી તેમનો રાગ અતિમંદ થયો હતો.

## ભગવાનનો સમ્યગ્જ્ઞાન પૂર્વકનો ત્યાગભાવ.

કુમાર કાળથી જ ભગવાન વિલાસિપણાથી દૂર હતાં. અનિત્યાદિ બાર અનુપ્રેક્ષાનું સતત ચિંતવન કરતા. તેમનાં પિતા માતા દ્વારા રાજા જિતશત્રુની કન્યા જશોદાની સાથે ભગવાનનું સગપણ કરવાનો વિચાર જાણ્યો ત્યારે ભગવાને તેમ કરવાની ના પાડી. તે વખતે તેમની ઉમર ૩૦ વર્ષની હતી. ભગવાને અવધિજ્ઞાન વડે જોયું તો પોતાનું આયુષ્ય ૪૨ વર્ષનું બાકી છે એમ માલુમ પડયું. અને તેથી ભાવ સાધુપણું તુરત પ્રગટાવવા નિર્ણય કર્યો. ભગવાનને ૩૦ મેં વર્ષે ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટયું. (–પુરાણ પાનું ૧૩૪.)

## ભગવાનનું તપ (દિક્ષા) કલ્યાણક

બ્રહ્મસ્વર્ગમાં લોકાંતિક દેવો હોય છે. તેઓ એકાવતારી હોય છે. ભગવાનની પર્યાયની શુદ્ધતા, સાધુપણાની લાયકાત માટેની તૈયારી હોય છે, ત્યારે તેઓ ભગવાન પાસે આવી દિક્ષા ગ્રહણ કરી કેવળજ્ઞાન રૂપ સૂર્યનો પ્રકાશ કરવા વિનવે છે. તે રીતે ભગવાન મહાવીરની પાસે લોકાંતિક દેવો સંબોધન માટે આવ્યા ભગવાને દિક્ષા ગ્રહણ કરવા નિશ્ચય કર્યો તેથી ચારે પ્રકારના દેવોને આનંદ થતાં તે ઉત્સવ ઉજવવા માટે આ ક્ષેત્રે આવ્યા, અને ભગવાને માગસર વદી ૧૦ ના રોજ સાધુપણું ગ્રહણ કર્યું. અને કેશ લુંચન કર્યું અને પછી સાધુપણે વિચરવા લાગ્યા.

## ભગવાનનો પહેલો આહાર

સર્વથી પહેલો આહાર ફૂલનગરના રાજા ફૂલે ભગવાનને હસ્તપાત્રમાં આપ્યો હતો. જે જીવને સાતમું ગુણસ્થાન પ્રગટી, છઠ્ઠે અને સાતમે ગુણસ્થાને હજારો વાર આવે છે તેઓ સાચા સાધુઓ કહેવાય છે. તેઓને સ્પર્શ ઇન્દ્રિય ઉપરની આસક્તિ હોતી નથી, તેથી શરીરને ઢાંકવાની વૃત્તિ આવતી નથી ત્યાં નિષ્પરિગ્રહ દશા હોવાથી યથાજાત સ્વરૂપમાં ભગવાન અને દરેક ભાવ સાધુ હોય છે, તે કારણે ભગવાનને વસ્ત્ર કે પાત્ર હોઈ શકે નહિ.

## ચન્દના સતિ

ચેટકરાજાને સાત દીકરી હતી તેમાં એક ભગવાનની માતા ત્રિસલા બીજી જયેષ્ઠાને રુદ્ર વેરે અને ત્રીજી ચેલણા તે શ્રેણીક રાજા વેરે હતી. ચોથી મશક નામની હતી; પાંચમી ચંદના હતી; તે ઘણી રૂપવાન હતી. તેને રૂપાળી જાણી કોઈ વનચર લઈ ગયો અને કૌશમ્બી નગરીમાં વૃષભસેનને ત્યાં આપી. તેને એક સુભદ્રા નામે સ્ત્રી હતી, તેને ઝેર (દ્વેષ) આવતાં ચન્દનાને બંધનમાં રાખી દુઃખ દેવા લાગી. ત્યાં પણ ચંદના ધર્મ ધ્યાનમાં રહેતી. એકવાર એમ બન્યું કે ભગવાન આહારને માટે ગામમાં પધાર્યા. ત્યાં પ્રભુના દર્શન ચન્દનાને થતાં, પુણ્યના ઉદયે શરીરના બધાં બંધન ત્રુટી ગયાં, ચન્દનાનો તમામ શોક ચાલ્યો ગયો અને ચિત્તમાં પરમ ઉલ્લાસ આવ્યો, અને હાથ જોડી મસ્તક નમાવી ભગવાનને વંદના કરી; અને વિધિ પૂર્વક ભક્તિ ભાવથી પડગાહન કર્યું, (પ્રભુ– અહીં આહાર માટે પધારો એમ ત્રણ વખત કહ્યું.) ત્યાં જે છાશ અને કોદરાનો આહાર હતો તે ખીરનાં ચોખાપણે થઈ ગયો, અને માટી પાત્ર હતું, તે સોનાનું થયું. ભગવાનની નવ પ્રકારે વિધિપૂર્વક તેણીએ પૂજા કરી પછી પ્રાસુક આહાર પ્રભુને આપ્યો. તેથી સ્વર્ગ લોકમાં દેવોને આશ્ચર્ય લાગ્યું અને તેઓએ રત્નાદિકોની વર્ષા કરી. ચંદનાએ આગળ જતાં અર્જિકાપદ ધારણ કર્યું.

## ભગવાનને રુદ્રે આપેલો ઉપસર્ગ

ભગવાનને ઘણાં ઉપસર્ગો આવેલ પણ ભગવાન ડગ્યા નહિ. એક–વખત ભગવાન છદ્મસ્થ દશામાં વિહાર કરતાં કરતાં નગરમાં પધાર્યા! ત્યાં સ્મશાનમાં રુદ્રે ભગવાનને સૌથી મોટો ઉપસર્ગ કર્યો. અહીં ખાસ ધ્યાન રાખવું જોઈએ કે જે જીવને ગુણ પ્રગટયો હોય તે બીજાને જણાયજ એમ ન બને, બીજાને ગુણ ન પણ જણાય. તેની ચૌભંગી નીચે પ્રમાણે છેઃ–

---

## નિશ્ચય વ્યવહારનું સ્વરૂપ

**ટુંકા અર્થો** નિશ્ચય-સ્વાશ્રિતભાવ. વ્યવહાર-પરાશ્રિતભાવ.

મુમુક્ષુઓ વિચારો કે એ બેમાંથી કયો ભાવ આત્માને લાભ કરે. તેનો એકજ જવાબ આવશે કે સ્વાશ્રિતભાવ પ્રગટે અને પરાશ્રિત ભાવ ટળે તે જ લાભદાયક હોઈ શકે.

---

## ❀ ❀ ❀ નિશ્ચય વ્યવહારનું સ્વરૂપ ❀ ❀ ❀

**ટુંકા અર્થો** નિશ્ચય-સ્વતંત્રભાવ વ્યવહાર-પરતંત્રભાવ

મુમુક્ષુઓ કહો–સ્વતંત્રથી સુખ થાય કે પરતંત્રતાથી ?

જવાબ–સ્વતંત્રતાથી જ

( ૧ ) એક જીવ ગુણી હોય તે બીજાને જણાય. ( ૨ ) એક જીવ ગુણી હોય તે બીજાને ન જણાય. ( ૩ ) એક જીવ ગુણી ન હોય તે બીજાને ગુણી જણાય. ( ૪ ) એક જીવ ગુણી ન હોય તે બીજાને ગુણી ન જણાય. આ ચૌભંગીને ઘણાં લોકો હાલ–એક બાજુ મૂકી દે છે. ઉદારતાના સંબધમાં પણ આ ચૌભંગી જ લાગુ પડે છે. એથી વિરુદ્ધ માનવું તે મહાન દોષ છે. આ કાળમાં આ ક્ષેત્રે જે મનુષ્યો હતા તેમાં સર્વોત્કૃષ્ટ ગુણી ભગવાન મહાવીર હતાં છતાં રુદ્રને તેમ ન ભાસ્યું; અને ભગવાન ઉજ્જૈન નગરીના સ્મશાનમાં ધ્યાનમાં બેઠા હતા, ત્યાં સાત્યિક અંતિમ રુદ્રે પ્રભુને દીઠા અને 'દુષ્ટ છે' એમ જાણી તે ક્ષણે જ ઉપસર્ગ કર્યો, પોતાની બળવિદ્યાનો આરંભ કર્યો, અતિ વિકરાળ સ્વરૂપ ધારણ કયું, ક્ષણમાં સ્થુળ ક્ષણમાં સૂક્ષ્મ થવા માંડયો. ક્ષણમાં ગાય, ક્ષણમાં રોવે, નખ અને દાંત ઘણાં વધારે, મોઢામાંથી જવાલા કાઢે પણ ભગવાન અડોલ રહ્યા; ત્યારે ભયાનક સિંહનું રૂપ ધારણ કર્યું, જોરદાર ગર્જના કરવા લાગ્યો. પોતાનાં હાથને વિકરાળ શસ્ત્ર બનાવવા લાગ્યો, વળી ફણીન્દ્રનાગનું રૂપ કરી જેમ તેમ ફેણ ચલાવતો, વળી આયુધ ધારી સેનાનો અધિકાર બતાવ્યો, 'મારું મારું' વગેરે જોરથી બોલવા લાગ્યો, પણ ભગવાન પોતાના આત્મામાં લીન રહ્યા. અને પાપી રુદ્ર પાપનો કર્તા થયો.

### ભગવાનના ઉપવાસનું સ્વરૂપ

ભગવાનને સમ્યગ્દર્શન પૂર્વકનું ચારિત્ર હતું અને તે ચારિત્રની રમણતામાં એવા એકાગ્ર રહેતા કે તેમને આહાર લેવાની વૃત્તિ ઉત્પન્ન થતી નહીં. 'જેટલે દરજ્જે રાગ છૂટે છે તેટલે દરજ્જે તેને લાયકનો બહાર સંયોગ હોતો નથી' એ નિયમને અનુસરીને ભગવાનને આહાર લેવાની વૃત્તિ નહિ ઊઠેલી હોવાથી આહારનો બાહ્ય સંયોગ ન હતો; તેવા સમ્યક્‌ભાવમાં ટકી ઇચ્છાનો નિરોધ એટલે કે શુભાશુભ ભાવનો નિરોધ ભગવાને કર્યો–તેને તપ કહેવામાં આવે છે. તે પ્રમાણે ઇચ્છાનો નિરોધ થતાં, બબ્બે દિવસના અંતરે ત્રીજે ત્રીજે દિવસે આહાર લેવાની વૃત્તિ આવી તેથી ભગવાને છઠ્ઠને પારણે છઠ્ઠના ઉપવાસો કર્યા એમ કહેવામાં આવે છે.

<u>અનેક બાધાઓ ઉપસ્થિત થવા છતાં પણ સ્વપરિણામોમાં ચંચળતા પેદા થવા ન દેવી તેનું નામ જ તપસ્યા છે. જેટલી ચંચળતા હોય તેટલી તપમાં ખામી છે.</u>

ભગવાન એ પ્રમાણે જ્ઞાન ધ્યાનની રમણતામાં બાર વર્ષ રહ્યાં.

### કેવળજ્ઞાનની ઉત્પત્તિ

તેને પરિણામે જંભિકા ગામની બહાર ઋજાુકુલા નદીના તટ પર શાલવૃક્ષની નીચે ધ્યાન કરતાં કરતાં કેવળજ્ઞાની થતાં અરિહંત અવસ્થા વૈશાક સુદ ૧૦ ના રોજ પ્રગટી.

### ભગવાનની દિવ્યધ્વનિનું છાંસઠ દી નહીં છૂટવું.

મહાવીર પ્રભુને કેવળજ્ઞાન દશા પ્રગટી પણ છાંસઠ દિવસ સુધી ધ્વનિ ન છૂટી, તેનું કારણ એ હતું કે તે વખતે સભામાં ભગવાનની વાણી ઝીલી શકે તેવો મહાન પાત્ર જીવ કોઈ હાજર ન હતો. ધર્મસભામાં હાજર રહેલા ઇન્દ્રે વિચાર્યું તો માલમ પડયું કે ભગવાનની વાણી ઝીલી શકે એવો સર્વોત્કૃષ્ટ પાત્ર જીવ આ સભામાં હાજર નથી. તેવો પાત્ર જીવ ઇન્દ્રભૂતિ છે એમ તેણે પોતાના અવધિજ્ઞાનથી નક્કી કર્યું; તેથી તેઓ નાના બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને ઇન્દ્રભૂતિ ( ગૌતમ ) પાસે ગયા. તેમનામાં ( ગૌતમમાં ) તીર્થંકર ભગવાનના વજીર થવાની એટલે કે ગણધર પદવીની યોગ્યતા હતી; પણ તે વખતે યથાર્થ ભાન ન હતું. હજારો શિષ્યોની વચ્ચે તેઓ યજ્ઞ કરતા હતા; ત્યાં બ્રાહ્મણના વેશમાં જઈ ઇન્દ્રે પ્રશ્ન કર્યો કે "પાંચ અસ્તિકાય, છ જીવ નિકાય, પાંચ મહાવ્રત, આઠ પ્રવચનમાતા, બંધ અને મોક્ષનું સ્વરૂપ શું છે અને તેનાં કેટલાં કારણો છે" એ પ્રશ્ન સાંભળી ગૌતમ મહાવીર પ્રભુ પાસે જવા નીકળ્યા; માનસ્થંભ પાસે પહોંચતાં જ તેમનું માન ગળી ગયું, અને ભગવાનને વંદના કરી ત્યારે ધર્મ પામી પાંચ મહાવ્રત લીધા. મહાવ્રત લીધાપછી ભગવાનની વાણી છૂટી, અને ગણધર પદવી મળી. ચાર જ્ઞાન અને અનેક લબ્ધીઓ પ્રગટી.

ગણધર પદ મળ્યા પછી તેમણે તે જ દિવસે (અષાડ વદી એકમે) રાત્રિના આગલા પાછલા બે પહોરને એકેક અંતમુહૂર્તમાં જ બાર અંગ અને ચૌદપૂર્વની રચના કરી.

### કેવળ જ્ઞાનના અતિશયો

કેવળજ્ઞાન પ્રગટતાં દશ અતિશયો કેવળજ્ઞાની ભગવંતોને પ્રગટે છે તે પ્રમાણે ભગવાન મહાવીરને પ્રગટયા, તે દશ અતિશયોનાં નામ નીચે પ્રમાણે છેઃ–

૧–ઉપસર્ગનો અભાવ, ૨–અદયાનો અભાવ, ૩–શરીરનો પડછાયો પડે નહીં, ૪–ચતુર્મૂખ દેખાય, ૫–સર્વવિદ્યાનું પ્રભુત્વ, ૬–નેત્રના ટમકાર નહીં, ૭–એકસો યોજનમાં સુકાળ, ૮–આકાશગમન, ૯–કવળાહારનો અભાવ– ૧૦–નખ કેશ વધે નહીં.

### તીર્થંકર ભગવાનને દેવકૃત ૧૪ અતિશય હોય છે.

તીર્થંકર ભગવાનને ૩૪ અતિશય હોય છે; તેમાં દશ જન્મના અને દશ કેવળજ્ઞાનના કહેવામાં આવ્યા; બાકીના ચૌદ દેવકૃત છે તેના નામ નીચે પ્રમાણે છે.

(૧) સકલ અર્ધમાગધી ભાષા (૨) બધા જીવોમાં મૈત્રી ભાવ (૩) સર્વે ૠતુના ફળ ફુલ ફળે (૪) દર્પણ સમાન ભૂમિ (૫) કંટક રહિત ભૂમિ (૬) મંદ સુગંધી પવન (૭) ગંધોદક વૃષ્ટિ (૮) વિહાર વખતે પાદ તળે કમલ રચના (૯) સર્વ ધાન્યની નિષ્પત્તિ (૧૦) દશે દીશાની નિર્મળતા (૧૧) દેવોના આવ્હાનન શબ્દ (૧૨) આગળ ધર્મચક્ર ચાલે (૧૩) અષ્ટમંગળ દ્રવ્ય આગળ ચાલે (૧૪) સર્વેને આનંદ.

### દિવ્યધ્વનિનું સ્વરૂપ

ભગવાન વીતરાગ થયા હોવાથી તેઓ ઇચ્છા રહિત છે. પણ પૂર્વે બંધાયેલ વચનવર્ગણા આત્માના સર્વ પ્રદેશોથી છૂટે છે; તેનો ઓમકાર ધ્વનિ હોય છે, તે એકાક્ષરી અથવા નિરક્ષરી કહેવાય છે, દરેક સમયે તેમાં સંપૂર્ણ જ્ઞાનનું કથન હોય છે, સાંભળનારાઓ જે વસ્તુ સમજવાનો ભાવ કરે તે દિવ્યધ્વનિ સાંભળી સમજી લે છે પોત પોતાની ભાષામાં સમજી લે છે તેથી દિવ્યધ્વનિને ‘સાક્ષરી’ પણ કહેવામાં આવે છે.

### ભગવાન ઉપદેશદાતા અથવા ધર્મપ્રરૂપક

ભગવાનને ઇચ્છા હોતી નથી તેથી તેઓ ઉપદેશ આપતા નથી. સહેજ સ્વભાવે વચન–વર્ગણા દિવ્ય ધ્વનિરૂપે છૂટે છે, તેને સાંભળી જીવો પોતાની પાત્રતાથી ધર્મ પામે છે, તે અપેક્ષાએ દિવ્યધ્વનિ નિમિત્ત થતાં ભગવાનને ઉપચારથી ઉપદેશદાતા કહેવામાં આવે છે. જેને લાભ થાય છે તે વિનયથી કહે છે કે ભગવાન ઉપદેશ દાતા છે, તે અપેક્ષા લક્ષમાં રાખી કથન માત્રથી તેમ કહેવાની પધ્ધત્તિ છે.

### ભગવાન સંઘના સ્થાપક

ભગવાન રાગરહિત છે. તેને સંઘ સ્થાપવાનો ભાવ હતો એમ માનવું ન્યાય વિરુદ્ધ છે. દિવ્યધ્વનિનો ઉપદેશ પાત્ર જીવોએ સાંભળ્યો તેને પરિણામે ચાર પ્રકારના ભાવસાધુઓ થયા તેથી ભગવાને ચતુર્વિધસાધુસંઘની સ્થાપના કરી એમ વિનયથી કહેવામાં આવે છે; તે માત્ર ઉપચાર છે; તે ઉપદેશ સાંભળીને ધર્મ પામનારા જીવોના બીજી રીતે ચાર વિભાગ–સાધુ, અર્જિકા, શ્રાવક અને શ્રાવિકા થયા, તેને પણ ચતુર્વિધ સંઘ કહેવામાં આવે છે.

## નિશ્ચય વ્યવહારનું સ્વરૂપ

**ટુંકા અર્થો** નિશ્ચય–સ્વાધીન ભાવ વ્યવહાર–પરાધીન ભાવ

મુમુક્ષુઓ વિચારો કે–પરાધીન ભાવ આત્માને લાભ કરે, કે પરાધીન ભાવ ત્રુટે અને સ્વાધીન ભાવ પ્રગટે તે આત્માને લાભ કરે?

### દિવ્યધ્વનિમાં કહેવામાં આવેલ વસ્તુનું ટૂંકું સ્વરૂપ.

૧–જીવ અનંત છે; દરેક જીવ સ્વયંસિધ્ધ પૂર્ણ ચૈતન્ય સ્વરૂપ વસ્તુ છે.

૨–અનાદિથી પરવસ્તુઓથી મને લાભ નુકસાન થાય છે એમ પોતાની અવસ્થામાં માને છે તેથી તે દુઃખી છે.

૩–દરેક જીવ પોતે નિત્ય પરિણામી વસ્તુ છે (પોતાની વર્તમાન અધૂરી પર્યાય–હાલત–વિકલ્પ કે નિમિત્ત ઉપર લક્ષ ન આપતાં) જો પોતાના નિત્ય, ધ્રુવ ચૈતન્ય સ્વભાવ તરફ લક્ષ આપે તો ભ્રમણા ટળે અને સુખ પ્રગટે.

૪–જડ કર્મો અને શરીર સાથે તારા આત્માને એક ક્ષેત્રાવગાહ માત્ર સંબંધ છે.

૫–જે એમ માને છે કે હું પર જીવોને જીવાડું છું અને પરજીવો મને જીવાડે છે–તે મૂઢ

છે, અજ્ઞાની છે, જ્ઞાની તેથી વિપરીત છે.

૬–જે એમ માને છે કે હું પર જીવોને હણું છું અને પર જીવો મને હણે છે–તે મૂઢ છે, અજ્ઞાની છે, જ્ઞાની તેથી વિપરીત છે.

૭–જે એમ માને છે કે હું પર જીવોને સુખી કે દુઃખી કરી શકું, પર જીવો મને સુખી દુઃખી કરી શકે–તે મૂઢ છે, અજ્ઞાની છે, જ્ઞાની તેથી વિપરીત છે.

૮–હે ભાઈ! હું જીવોને સુખી–દુઃખી કરી શકું, હું જીવોને ધર્મ પમાડી શકું, તેને મોક્ષ પમાડી શકું, તેને બંધમાં નાંખી શકું એ તારી મૂઢમતિ છે તેથી તે મિથ્યા છે.

૯–દરેક દ્રવ્યના દ્રવ્ય–ગુણ–પર્યાય પરથી જુદા છે, દરેકના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ પરથી તદ્દન જુદા હોવાથી, બીજા સાથે એકરૂપ થઈ શકે નહીં, તેથી કોઈ કોઈને કાંઈ પણ કરી શકે નહીં; માત્ર અજ્ઞાનીઓ પર ઉપર લક્ષ કરે છે તેથી તેને વિકાર થાય છે. વિકારપણે જીવ થતાં જડ કર્મ પોતાના કારણે ત્યાં આવે છે, ‘જીવે કર્મ બાંધ્યા’ અથવા ‘પરનું કર્યું’ એવો (સ્વભાવથી ભ્રષ્ટ) અજ્ઞાનીઓનો વિકલ્પ છે–ભ્રમ છે; અનાદિ અજ્ઞાનને લીધે એમ કહેવાનો પ્રસિધ્ધ રુઢ વ્યવહાર છે તેથી જ્ઞાનીઓ તેમની ભાષામાં એમ કહે છે, પણ શબ્દો પ્રમાણે અર્થ થતો નથી, પણ ભાવ પ્રમાણે અર્થ થાય છે.

૧૦–જીવે પ્રથમ મિથ્યાદર્શન ટાળી સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ, તે વિના સાચું જ્ઞાન કે ચારિત્ર હોતાં નથી.

૧૧–જે સમ્યગ્દર્શન સહિત હોય તેને જ સાચાં વ્રત, દાન કે તપ, શીલ હોઈ શકે, અજ્ઞાનીને હોય નહીં.

૧૨–જડ દ્રવ્યના પાંચ ભેદ છે, તેમાં ચાર અરૂપી છે અને એક પુદ્ગલ રૂપી છે તેના વિશેષ ગુણ સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ છે, શબ્દ તેની પર્યાય છે.

૧૩–જીવ પોતાનું સ્વરૂપ સમજવા જે વખતે પુરુષાર્થ કરે તે વખતે પોતે સમજી શકે; પોતે પાત્ર હોય ત્યારે નિમિત્ત પોતના (નિમિત્તના) કારણે હાજર હોય છે નિમિત્ત પરનું કાંઈ કરી શકતું નથી–માત્ર હાજરરૂપ હોય છે.

---

ચૈત્ર વદી ૧૧ બુધવાર તા. ૧૯ એપ્રીલ ૧૯૪૪ ના રોજ સદ્ગુરુદેવની સોનગઢમાં પધરામણી થએલી છે માટે તેઓશ્રીની અમૃત વાણીનો લાભ લેવા માટે સર્વ મુમુક્ષુ ભાઈ–બ્હેનોએ હવેથી ત્યાં લાભ લેવા જવું.

“સત્તા સ્વરૂપ” પુસ્તક ચૈત્ર શુદ ૧૩ ના રોજ બહાર પડયું છે તેની કીંમત ૦–૯–૦ આના છે માટે જેમને જોઈતું હોય તેમણે સોનગઢથી મંગાવી લેવું.

---

૧૪–કિંચિત્ માત્ર આજ સુધી પરને (જીવને કે જડને) લાભ કે નુકશાન તેં કર્યું જ નથી.

૧૫–આજ સુધી કોઈએ (જડ કે જીવે) કિંચિત્ માત્ર તને લાભ કે નુકશાન કર્યું નથી.

૧૬–હે જીવ! તું શા માટે ડરે છે; જગતની કોઈ વસ્તુ [જડ કે ચેતન] તને દુઃખી–સુખી કરી શકે તેમ નથી તું પોતે પૂર્ણ સુખથી નિત્ય ભરેલો છો, તું શા માટે તારા સુખને માટે જગતની ચીજ [જડ કે ચેતન] પાસેથી આશા રાખી રહ્યો છો?

૧૭–જ્યારે પરથી તને સુખ દુઃખ નથી ત્યારે તારે પરમાં હર્ષ

કે શોક, ઇષ્ટ કે અનિષ્ટપણું રાગ કે દ્વેષ કરવાનું શું કારણ?

બસ! જો તું આટલું યથાર્થ સમજ–તારા અખંડ ધ્રુવસ્વરૂપ ચૈતન્યસ્વભાવ તરફ લક્ષ કર તો તને સમ્યગ્દર્શન પ્રગટ થશે અને ક્રમેક્રમે રાગદ્વેષ ટાળી સંપૂર્ણ વીતરાગ થઈ જઈશ.

૧૮ ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે. પોતાનું સ્વરૂપ યથાર્થ સમજ્યા વગર સમ્યગ્દર્શન થાય નહીં–માટે સ્વરૂપ યથાર્થપણે સમજી સમ્યગ્દર્શન પ્રગટ કરવું. અભવ્ય જ તે પ્રગટ કરી શકે નહિ (પ્રગટ કરવાનો પુરુષાર્થ તે ન કરે) ભવ્ય વૃદ્ધ, બાળ, રોગી, નિરોગી, સધન, નિર્ધન બધા તે પ્રગટ કરી શકે.

૧૯ સમ્યગ્દર્શન પ્રગટ કર્યા સિવાય કોઈ જીવ ખરો અહિંસક–ખરો સત્યાવલંબી, ખરો અચૌર્યભાવી, ખરો બ્રહ્મચારી કે ખરો અપરિગ્રહી અંશે કે પૂર્ણતાએ થઈ શકે નહીં.

૨૦ (સમ્યક્) દર્શન તે ધર્મનું મૂળ છે, મિથ્યાત્વ તે સંસારનું મૂળ છે. માટે જીવના વિકારી ભાવ (પુણ્ય–પાપ, આસ્રવ બંધ) અને અવિકારી ભાવ (સંવર–નિર્જરા અને મોક્ષ) સમજી શુદ્ધતા પ્રગટ કરવી

## અનેકાન્ત સ્વરૂપ

કેટલાકો કહે છે કે ભગવાનને કેવળ જ્ઞાન થયું ત્યારે જગતમાં જે ધર્મની માન્યતાઓ ચાલતી હતી તેનો સમન્વય કરવા અનેકાન્તવાદની ભગવાને રચના કરી; પણ ભગવાન તો વીતરાગ છે, તેને રચના કરવાનું હોય જ શું?

ભગવાને કેવળજ્ઞાનમાં દરેક વસ્તુનું સ્વરૂપ અનેકાંત (અનેક ધર્મમય) છે એમ દીઠું અને તેથી અનેકાન્ત સ્વરૂપ દિવ્યધ્વનિમાં આવ્યું.

અનેકાન્તનો અર્થ જેમ જેને ફાવે તેમ કરે છે, તેથી જે ખરું સ્વરૂપ છે તે અહીં આપવામાં આવે છેઃ–

ભગવાન અમૃતચંદ્ર આચાર્ય અનેકાન્તનું સ્વરૂપ ઘણી સુંદર રીતે નીચેના શબ્દોમાં કહે છેઃ–

“એક વસ્તુમાં વસ્તુપણાની નીપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાન્ત છે.”

અનેકાન્તના બે પ્રકાર છે. (૧) સમ્યક્ અનેકાન્ત (૨) મિથ્યા અનેકાન્ત; ત્યાં એક વસ્તુમાં, પોત પોતાના પ્રતિપક્ષી સહિત અનેક ધર્મોનું યુક્તિ આગમથી વિરોધ રહિત નિરુપણ કરે તે સમ્યક્ અનેકાન્ત છે; અને તત્ અતત્ સ્વભાવની શૂન્ય કલ્પના કરે તે મિથ્યા અનેકાન્ત છે. પોતાનું પ્રયોજનભૂત તત્ સ્વરૂપ જે પ્રકારે છે તે પ્રકારે, અને અતત્ સ્વરૂપ જે પ્રકારે છે તે પ્રકારે તે જાણે નહીં અને ખોટી અનેક કલ્પનાઓ કર્યા કરે તે મિથ્યા અનેકાન્ત છે.

એકાન્ત પણ બે પ્રકારના છે– (૧) સમ્યક્ એકાન્ત (૨) મિથ્યા એકાન્ત; તેમાં હેતુ વિશેષના સામર્થ્યની અપેક્ષાએ પ્રમાણથી પરુપણા કરેલા પદાર્થના એક દેશ (ભાગ) ને કહેવો તે સમ્યક્ એકાન્ત છે, અને એક જ ગુણ છે એમ નિશ્ચય કરી બીજા અન્ય સમસ્ત ગુણોને ન માનવા તે મિથ્યા એકાન્ત છે.

સમ્યક એકાન્ત સંબંધે શ્રી સમયસારજીમાં નીચે પ્રમાણે કહ્યું છેઃ–

“આત્માનો, કર્મ જેનું નિમિત્ત છે એવા મોહ સાથે સંયુક્તપણારૂપ અવસ્થાથી અનુભવ કરતાં સંયુક્તપણું ભૂતાર્થ છે–સત્યાર્થ છે, તો પણ પોતે એકાંત બોધ બીજરૂપ સ્વભાવ છે તેની [ચૈતન્ય ભાવની] સમીપ જઈને અનુભવ કરતાં સયુક્તપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે.” (ગુજરાતી સમયસાર પાનું ૩૩)

### વૈશાખ માસમાં પાળવાની તીથીઓ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સુદ | ૨ | સોમ | તા. | ૨૪ | એપ્રીલ | વદ | ૨ | બુધ | તા. | ૧૦ | મે |
| ,, | ૫ | ગુરુ | ,, | ૨૭ | ,, | ,, | ૫ | શનિ | ,, | ૧૩ | ,, |
| ,, | ૮ | રવિ | ,, | ૩૦ | ,, | ,, | ૮ | સોમ | ,, | ૧૫ | ,, |
| ,, | ૧૧ | બુધ | ,, | ૩ | મે | ,, | ૧૧ | ગુરુ | ,, | ૧૮ | ,, |
| ,, | ૧૪ | રવિ | ,, | ૭ | ,, | ,, | ૧૪ | રવિ | ,, | ૨૧ | ,, |
| ,, | ૧૫ | સોમ | ,, | ૮ | ,, | ,, | ૦)) | સોમ | ,, | ૨૨ | ,, |

“સિધ્ધ ભગવાનને એકાંત સુખ છે.” એમ કહેવામાં આવે છે તે સમ્યક એકાન્ત છે, કેમકે તેમાં સમ્યક્ અનેકાન્ત નીચે પ્રમાણે આવે છેઃ–

‘સિધ્ધ ભગવાનને એકાન્ત સુખ છે એટલે કે ભગવાનને સુખ અસ્તિરૂપે છે, સંસારી સુખ–દુઃખ નથી એટલે કે નાસ્તિરૂપે છે; એ રીતે અસ્તિ–નાસ્તિ, પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું સિધ્ધ ભગવાનને ખરું સુખપણું નિપજાવે છે.’

શ્રી પ્રવચનસારમાં ‘એકાંત દ્રષ્ટિ’ અને ‘અનેકાંત દ્રષ્ટિ’ ના નીચે પ્રમાણે અર્થ કર્યા છેઃ–

## એકાંત દ્રષ્ટિનું સ્વરૂપ અને તેનો વ્યવહાર

જે જીવ સર્વ અવિદ્યાનું મૂળકારણ જીવ–પુદ્ગલ સ્વરૂપ અસમાન જાતિવાળા દ્રવ્યની પર્યાયને પોતાની માને છે અને આત્મ સ્વભાવની ભાવનામાં નપુંસક સમાન અશક્તિ (નિર્બળપણું) ધારણ કરે છે તે ખરેખર નિરર્ગલ એકાન્ત દ્રષ્ટિ જ છે.

હું મનુષ્ય છું. આ મારું શરીર છે, એ પ્રકારના જુદાજુદા પ્રકારના અહંકાર અને મમકારથી વિપરીત, જ્ઞાની થઈ અવિચલિત આત્મ વ્યવહારને ધારણ કરવાને બદલે સમસ્ત નિંદ્ય ક્રિયા સમૂહને અંગીકાર કરવાથી પુત્ર, સ્ત્રી, મિત્રાદિ મનુષ્ય વ્યવહારનો આશ્રય કરી રાગદ્વેષી થાય છે અને પરદ્રવ્ય–કર્મોની સંગતે પરસમય (વિકારભાવ) માં રત થાય છે.

## અનેકાંત દ્રષ્ટિ અને તેનો વ્યવહાર

જે જીવ પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયોની અભિન્નતાથી સ્થિર છે, સમસ્ત વિદ્યાઓના મૂળભૂત ભગવાન આત્માના સ્વભાવને પ્રાપ્ત

થયા છે, આત્મ સ્વભાવની ભાવનાથી પર્યાય ( શરીર– વર્તમાન અવસ્થા ) માં રત નથી અને આત્મ સ્વભાવમાં જ સ્થિરતા વધારે છે, જે જીવ સ્વાભાવિક અનેકાન્ત દ્રષ્ટિથી, એકાંતદ્રષ્ટિરૂપ પરિગ્રહને દૂર કરવાવાળા છે, મનુષ્યાદિ ગતિઓમાં શરીર સંબંધી અહંકાર–મમકાર ભાવોથી રહિત છે, જેમ અનેક ગૃહોમાં સંચાર કરવાવાળો રત્નનો દીવો એક જ છે તેવી રીતે એકરૂપ આત્માને પ્રાપ્ત થયેલ છે, અચલિત ચૈતન્ય વિલાસરૂપ આત્મવ્યવહારને કરે છે, તે અનેકાંતદ્રષ્ટિ છે. અયોગ્ય ક્રિયાનું મૂળકારણ–મનુષ્ય વ્યવહાર તેને તે અંગીકાર કરતો નથી.

અનેકાન્ત દ્રષ્ટિ અને એકાન્ત દ્રષ્ટિ અને તેમના નિશ્ચયના વ્યવહારના ઉપર કહ્યા તેમાંથી નીકળતા સિદ્ધાંતોઃ–

## અનેકાન્ત દ્રષ્ટિ સંબંધી ૧

૧– સંસારનું મૂળ અવિદ્યા ( મિથ્યાદર્શન ) છે અને તેનું ફળ શરીરની પ્રાપ્તિ છે.

૨–મનુષ્ય શરીરને પોતાનું માને, હું મનુષ્ય છું તેમ માને શરીર તે હું છું અને શરીર મારું એમ માને એટલે કે શરીરનું કાંઈ કાર્ય કરી શકે એમ માને, તે આત્મા અને અનંત રજકણોને એકરૂપ માનતો હોવાથી [ અનંતના મેલાપને એક માનતો હોવાથી એકાન્ત દ્રષ્ટિ છે, તે નિશ્ચય કુનય છે.

૩–એકાન્ત દ્રષ્ટિનો વ્યવહાર હું મનુષ્ય છું એવો ભાવ કરવો તે મિથ્યા દ્રષ્ટિનો વ્યવહાર છે–તે વ્યવહાર કુનય છે.

૪–ઉપર કહી તે એકાન્ત દ્રષ્ટિને ભગવાન પરિગ્રહ કહે છે.

અનેકાન્ત દ્રષ્ટિ સંબંધી

## શુદ્ધિ

**ચૈત્ર અંક ૫ ની શુદ્ધિઃ- પાનું-૧૪ કોલમ બીજું. પેલી લીટી**

"જો કે હું મિથ્યાત્વ મુક્ત છું તો પણ..." તેને બદલે "જો કે હું મિથ્યાત્વ યુક્ત ( સહિત ) છું તો પણ..." એ પ્રમાણે વાંચવું.

## ૨

૧–સમસ્ત સાચી વિદ્યાનું મૂળરૂપ ભગવાન આત્માના સ્વભાવને પ્રાપ્ત થવું, આત્મ સ્વભાવની ભાવના ( અભ્યાસ ) માં જોડાવું અને આત્મ સ્વભાવમાં સ્થિરતા વધારવી તેનું નામ અનેકાન્ત દ્રષ્ટિ છે.

૨–જીવનો સ્વભાવ અનેકાન્ત દ્રષ્ટિ છે. હું અને શરીર જુદા છે, શરીરનું હું કાંઈ કરી શકું નહીં; શરીરનું હું કાંઈ કરી શકું એમ માનવું તે એકાન્ત દ્રષ્ટિરૂપ પરિગ્રહ છે, તે માન્યતાને હું દૂર કરનારો છું એમ માનતો હોવાથી તે અનેકાન્ત દ્રષ્ટિ છે; તે જીવને અને રાગદ્વેષ તથા પરવસ્તુને અનેક ( જુદી ) ગણે છે, તેથી તે અનેકાંતદ્રષ્ટિ છે.

૩–તે પોતાના એકરૂપ ( ધ્રુવ સ્વભાવરૂપ ) આત્માનો આશ્રય કરે છે, તે તેનો નિશ્ચયનય છે.

૪–અચલિત ચૈતન્ય વિલાસરૂપ આત્મવ્યવહારને તે અંગીકાર કરે છે તે તેનો વ્યવહાર નય છે.

## જ્ઞેયનાં જુદા જુદા પડખાનું જ્ઞાન ( નય )

દરેક વસ્તુમાં ત્રિકાળ ટકી રહેવાપણાની સાથે સમયે સમયે સમર્થ અવસ્થાંતર થવાનો સ્વભાવ છે. વળી એક વસ્તુ પોતાથી હોવારૂપ છે. પરથી નહીં હોવારૂપ છે; તેમજ દરેક વસ્તુમાં અનંત ગુણો અને તે ગુણોની સમયે સમયે એકેક અવસ્થા હોવાથી સમયે સમયે બધા ગુણોની ( અવસ્થા ) સાથે લેતાં અનંત અવસ્થા થાય છે. એ રીતે જાણવા યોગ્ય પદાર્થોમાં ઘણા વિભાગો ( પડખાં ) પડે છે. એક વિભાગ ( પડખાં ) નો વિચાર અપૂર્ણ જીવ જ્યારે કરે છે ત્યારે તે બીજા વિભાગો હોવાં છતાં તેનો વિચાર એકી સાથે કરી શક્તો નહીં હોવાથી જે પડખું જ્ઞાનમાં લીધું તેણે તે વિભાગનું જ્ઞાન કર્યું કહેવાય, તે જ્ઞાન અંશિક [ એક ભાગનું ] છે. હવે જો તે વખતે બીજા પણ પડખાં છે એમ તેને જ્ઞાનમાં ગૌણપણે હોય તો જે વિભાગને જ્ઞાનમાં પ્રધાન કર્યો તે આખા જ્ઞાનનો અંશ હોવાથી તેને 'નય' કહેવાય છે.

## સપ્ત ભંગીનું સ્વરૂપ

દરેક વસ્તુને સમજવા માટે તેનું સાત પ્રકારે જ્ઞાન થઈ શકે છે, તેથી તેને 'સપ્ત ભંગી' કહેવામાં આવે છે. તેના બે પેટા ભેદ. પ્રમાણ સપ્તભંગી અને નયસપ્તભંગી એવા ભગવાને જણાવ્યા છે. તેમાં પ્રથમના બે ભંગ 'અસ્તિ–નાસ્તિ' છે, તે મુમુક્ષુએ

સમજવાની ખાસ જરૂર છે. પોતે હોવા રૂપ કઈ રીતે છે અને પોતે કઈ રીતે નથી એમ બે ભંગ યથાર્થપણે જીવ જાણે તો તેના ખ્યાલમાં આવે કે હું સ્વપણે છું અને પરપણે નથી. હું સ્વપણે– મારા પોતાના દ્રવ્યે, ક્ષેત્રે, કાળે અને ભાવે છું એટલે હું પરને લાભ–નુકસાન કરી શકું નહીં કે પર મને કરી શકે નહીં. હું પોતે જ મારા ભલા–ભૂંડાનો કરનાર છું; મને દોષ મારાથી થાય છે છતાં પરનો દોષ કાઢવો તે ઊંધાઈ છે માટે દરેક જીવે તે સ્વરૂપ સમજી ઊંધાઈ ટાળવી જોઈએ; એવો ઉપદેશ આ ભંગોદ્વારા ભગવાને આપ્યો છે.

## ભગવાને પરૂપેલી અહિંસા

અહિંસા તે ચારિત્રનું અંગ છે અને સમ્યક્ ચારિત્ર સમ્યગ્દર્શન વગર હોઈ શકે નહીં, તેથી મિથ્યાદ્રષ્ટિને ખરી અહિંસા હોતી નથી.

લૌકિક માન્યતા એવી છે કે–પર જીવોની હિંસા ન કરવી એવો ધર્મ ભગવાને ઉપદેશ્યો છે; પણ એ માન્યતા ભૂલવાળી છે. 'કોઈ જીવને મારવો નહીં, દુઃખ દેવું નહીં.' એવો ઉપદેશ દરેક ઘરમાં લોકો આપે છે. શાળાઓમાં પણ તે ઉપદેશ ઓછે કે વધારે અંશે મળે છે; હવે જો તેને ભગવાને ધર્મ કહ્યો હોય તો ભગવાનને લૌકિક પુરુષ ગણવા જોઈએ; પણ ભગવાનને તેમનું અનંત વીર્ય પ્રગટયા પછી જે દિવ્યધ્વનિ પ્રગટ થાય છે તેમાં તો એવો ઉપદેશ હોય છે કે, આ લૌકિક માન્યતા ખોટી છે; કોઈ કોઈની હિંસા કરી શકે નહીં, પણ હિંસાના વિકારી ભાવ જીવ કરી શકે અને તે રીતે જીવ પોતાની હિંસા અનાદિથી કરી રહ્યો છે. ભગવાને અહિંસાનું સ્વરૂપ નીચે જણાવ્યા મુજબ કહ્યું છેઃ–

---

તા. ૪ થી મે ૧૯૪૪ ગુરુવારથી એક માસ માટે જૈન દર્શનના અભ્યાસ માટે એક વર્ગ ખોલવાનો છે, વર્ષ ૧૪ થી ઉપરની ઉંમરના ઉમેદવારોને દાખલ કરવામાં આવશે. ભોજન તથા રહેવાની સગવડ સમિતિ તરફથી થશે. ઉમેદવારે નીચેના સરનામે લખવું.

શ્રી જૈન અતિથિ સેવા-સમિતિ
સોનગઢ ( કાઠિયાવાડ )

---

જીવમાં મોહ ( મિથ્યાદર્શન ) અને રાગ–દ્વેષનું ઉત્પન્ન થવું તે હિંસા છે, અને તે પેદા ન થતાં આત્મ સ્વરૂપમાં સ્થિત રહેવું તે અહિંસા છે; એ અહિંસા જ ખરો ધર્મ છે. દ્રવ્યપ્રાણોનો ઘાત પણ ભાવહિંસા વિના કહેવાતો નથી. જે જીવો ઉક્ત અહિંસાનું સર્વથા પાલન કરી શકે તે જેટલે અંશે તે સાચી અહિંસાને પાળી શકે તેટલે જ અંશે અહિંસક છે અને શેષ અંશે હિંસાના ભાગી છે. એ ધ્યાન રાખવાની વાત છે કે " ( જેટલે અંશે ) વીતરાગ ભાવ છે તે જ અહિંસા છે, અને શુભરાગ પણ હિંસા છે." આ અહિંસા તે મહાવીરે પરૂપેલ છે. ભગવાન અલૌકિક આત્મા હતા તેથી તેમણે બતાવેલી અહિંસા પણ અલૌકિક હોય તે જ ન્યાયસર છે.

પોતાનું સ્વરૂપ યથાર્થપણે સમજીને મિથ્યાદર્શન ટાળ્યા સિવાય કોઈપણ જીવ અહિંસક, સત્યરૂપ, અચૌર્યરૂપ, બ્રહ્મચર્યરૂપ કે અપરિગ્રહરૂપ અંશે કે પૂર્ણતાએ થઈ શકે નહીં; સ્પષ્ટપણે દિવ્ય ધ્વનિથી જ્યારે તે જગજાહેર થતું હતું, ત્યારે શાસનના ભક્ત દેવો દુંદુભિના નાદથી તેને વધાવી લેતા હતા.

## ભગવાને કહેલા તત્ત્વના ઉપદેશ સાંભળનારાઓએ પ્રગટાવેલું ફળ.

ભગવાનનો આ ઉપદેશ સાંભળી ઘણા ભવ્ય જીવો ધર્મ પામ્યા–એટલે કે સમ્યગ્દ્રષ્ટિ થયા; સમ્યક્દર્શનપૂર્વક સમ્યક્ચારિત્રીની થયા; તેઓ જ્યારે શુદ્ધભાવમાં ન રહી શકતા ત્યારે અશુભ ભાવ ટાળી શુભમાં રહેતા; કોઈ જીવની હિંસા કરવાનો ભાવ તે પાપભાવ હોવાથી તેવા ભાવો તેમણે ટાળ્યા. જેઓ સ્વરૂપ ન સમજ્યા પણ સ્વરૂપ સમજવાની રુચિવાળા થયા તેઓએ પણ હિંસાના તીવ્ર અશુભ ભાવને ટાળ્યા. જેઓને સ્વરૂપ સમજવા તરફ વલણ ન થયું તેઓ મંદકષાય તરફ પ્રેરાયા અને તેથી તેઓએ પણ અશુભ ભાવ કેટલેક અંશે છોડયા. વ્યવહારી ( અજ્ઞાની ) લોકોની ભાષામાં–પરજીવોની હિંસા તે કારણે અટકી તે કાર્યને અહિંસા વધી–જીવો બચ્યા–એમ કહેવાનો રૂઢ પ્રસિધ્ધ વ્યવહાર છે; તેથી 'ભગવાનના ઉપદેશથી પર જીવોની હિંસા અટકી' એમ લૌકિક રીતે કહી શકાય, પણ શબ્દ પ્રમાણે કોઈ તેનો અર્થ કરે તો ભગવાન પરના કર્તા ઠરે–કે જે અસત્ય છે.

## ગણધરપદની સ્થાપનાનો વિરોધ

પાર્શ્વનાથ તીર્થંકર ભગવાનના શાસનમાં દીક્ષા લીધેલ એક કાશ્યપ નામના મુનિ હતા, તે ભગવાન મહાવીરના સમોસરણમાં ધર્મ ઉપદેશ સાંભળવા ગયેલ, તેની માન્યતા એવી હતી કે 'પોતે ગણધરપદને લાયક છે તેથી ગણધર તરીકે પોતાની સ્થાપના થશે;' પણ બન્યું તેથી વિરુદ્ધ– શ્રી ઇન્દ્રભૂતિ (ગૌતમ) ને ગણધરપદ મળ્યું તેથી નારાજ થઈ તે મુનિ સમોસરણ બહાર નીકળી 'ભગવાન મહાવીર તીર્થંકર જ નથી, એક માયા જાળીઓ છે; જો તે ખરો તીર્થંકર હોય તો મને ગણધર પદ મળત' વગેરે કહી વિરોધ કરવા લાગ્યો. સત્યનું સ્વરૂપ જ એવું છે કે તેથી વિરુદ્ધ અસત્ય જગતમાં હોય જ, અને અસત્ય ભાવનું પ્રગટપણું સત્‌ના વિરોધમાં જ હોઈ શકે.

## જૈન શાસન

જૈનશાસન શું કહેવાય તે સંબંધમાં ઘણી વિધવિધ પ્રકારની અને વિચિત્ર માન્યતાઓ હાલપ્રચલિત જોવામાં આવે છે. જિજ્ઞાસુઓ સાચું સ્વરૂપ સમજી શકે તે માટે આ સંબંધે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યે શું કહ્યું છે તે જણાવવામાં આવે છેઃ–

जो पस्सदि अप्पाणं अबद्धपुठ अणण्णमविशेषं।
अपदेश सन्त मज्झं पस्सदि जिणशासणं सव्वं।। १५।।

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય જે અવિશેષ દેખે આત્મને
તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫

અર્થઃ– જે પુરુષ આત્માને અબદ્ધસ્પૃષ્ટ (બંધરહિત ને પરના સ્પર્શ રહિત) અન્યપણારહિત, વિશેષરહિત (તથા અધ્યાહારથી ચળાચળતા રહિત, અન્યના સંયોગ રહિત) દેખે છે તે સર્વ જિનશાસનને દેખે છે કે જે જિનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.

ખુલાસો–ઉપર કહ્યા તેવા પાંચ ભાવો સ્વરૂપ આત્માની અનુભૂતિ તે જ સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે.

જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે; આ પ્રમાણે ગુણી–ગુણની અભેદ દ્રષ્ટિમાં આવતું જે સર્વ પર દ્રવ્યોથી જાુદું, પોતાના પર્યાયોમાં એક રૂપ નિશ્ચળ, પોતાના ગુણોમાં એકરૂપ, પરનિમિત્તથી ઉત્પન્ન થયેલ ભાવોથી ભિન્ન પોતાનું સ્વરૂપ તેનું અનુભવન તે જ્ઞાનનું અનુભવન છે, અને આ અનુભવન તે ભાવશ્રુત જ્ઞાનરૂપ જિનશાસનનું અનુભવન છે; એટલે ભાવશ્રુત જ્ઞાનરૂપ જિનશાસન છે; આત્માની અનુભૂતિ તે જ ભાવ જિનશાસન છે.

આ સંબંધે ભાવપાહુડમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય દેવ નીચે પ્રમાણે કહે છેઃ–

पुजादिषु व्रतसहितं पुण्यं हि जिनैशासने भणितम्।
मोह क्षोभ विहीनः परिणामः आत्मनः धर्मः।। ८३।।

અર્થઃ–જિનશાસનવિષે જિનેન્દ્ર દેવે એમ કહ્યું છે કે– પૂજાદિક તથા વ્રતસહિતપણું છે તે તો પુણ્ય છે, પણ મોહ [મિથ્યાદર્શન] અને ક્ષોભ [ચારિત્રમોહ] રહિત જે આત્માનું પરિણમન તે ધર્મ છે.

ભાવાર્થઃ–લૌકિક તથા કોઈ અન્યમતિ કહે છે કે, 'જે પૂજાદિક શુભક્રિયા તેને વિષે અને વ્રતક્રિયાસહિત છે તે જૈનધર્મ છે," પણ તેમ નથી. જૈનમતમાં જિન ભગવાને એમ કહ્યું છે કેઃ–જે પૂજાદિક વિષે અને વ્રતસહિત હોય તે તો પુણ્ય છે. ત્યાં પૂજા પછી " આદિક–અને " એ શબ્દથી ભક્તિ, વંદના, વૈયાવૃત્ય આદિક લેવાં, તે તો દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે થાય છે. વળી ઉપવાસ આદિક વ્રત છે તે શુભક્રિયા છે તેમાં આત્માના રાગસહિત શુભ પરિણામ છે, તે વડે પુણ્ય કર્મ નિપજે છે તેથી તેને પુણ્ય કહે છે. તેનું ફળ સ્વર્ગાદિક ભોગની પ્રાપ્તિ છે.

'મોહ અને ક્ષોભરહિત આત્માના પરિણામ' કહ્યા; તેમાં મોહનો અર્થ અતત્ત્વ શ્રધ્ધાન છે; વળી ક્રોધ, માન, શોક, અરતિ, ભય, જાુગુપ્સા એ છ દ્વેષ છે અને માયા, લોભ, હાસ્ય, રતિ, પુરુષ–સ્ત્રી કે નપુંસક એ ત્રણ વિકાર એમ સાત રાગ છે. એ તેર પ્રકૃતિના નિમિત્તે આત્માના જ્ઞાન–દર્શન સ્વભાવ વિકારસહિત (મોહક્ષોભરૂપ) ચલાચલ–વ્યાકુળ થાય છે, પણ તે વિકારથી રહિત શુદ્ધ દર્શન જ્ઞાનરૂપ જે ખરો ભાવ છે તે આત્માનો ધર્મ છે, એ ધર્મથી આગામી કર્મના આસ્રવ રોકાતાં સંવર થાય છે અને પૂર્વે બાંધેલા કર્મની નિર્જરા થાય છે, સંપૂર્ણ નિર્જરા થતાં મોક્ષ પ્રગટે છે. જેને સમ્યગ્દર્શન પ્રગટયું હોય અને અંશે ચારિત્ર મોહ હોય તેના શુભ પરિણામને ઉપચારથી ધર્મ કહેવાય છે. [ઉપચારથી એટલે ખરેખર નહીં, પણ અંશે શુધ્ધ ભાવ હોય ત્યારે જે શુભભાવ છે તેને અજ્ઞાનીના શુભ

ભાવથી જુદો પાડવા માટે નિમિત્ત કે ઉપચાર કહેવાય છે. ] પણ જે કેવળ શુભ પરિણામને જ ધર્મ માની સંતુષ્ટ છે તેને ધર્મની પ્રાપ્તિ નથી. શુભ કરતાં કરતાં શુદ્ધ પરિણામ પ્રગટશે એમ માનનારા વિકાર કરતાં કરતાં અવિકારપણું થશે એમ માને છે; અને તેથી તે ભૂલ છે. એ પ્રમાણે જૈનશાસનનો ઉપદેશ છે.

( જુઓ અષ્ટપાહુડ પાનું-૨૧૯-૨૨૦ )

श्रध्धाति च प्रत्येति च रोचते च तथा पुनरपि स्पर्शति।
पुण्यं भोगनिमित्तं नहि तत् कर्म क्षय निमित्तम्।।८४।।

અર્થઃ-જે જીવ પુણ્યને ધર્મ જાણી શ્રધ્ધાન કરે છે, વળી પ્રતીતિ કરે છે, વળી રુચિ કરે છે, વળી સ્પર્શે છે તે પુણ્ય ભોગનું કારણ હોવાથી સ્વર્ગાદિક ભોગ પામે છે, પણ પુણ્ય કર્મક્ષયનું કારણ નથી એ પ્રગટ જાણો.

ભાવાર્થઃ-શુભક્રિયારૂપ પુણ્યને ધર્મ જાણી તેનું શ્રધ્ધાન, જ્ઞાન, આચરણ કરે છે તેને પુણ્ય-કર્મ-બંધ હોવાથી તે વડે સ્વર્ગાદિ ભોગની પ્રાપ્તિ થાય છે, પણ તેનાથી કર્મના ક્ષયરૂપ સંવર, નિર્જરા, મોક્ષ થતાં નથી.

## ભગવાનનો વિહાર

ભગવાન વીતરાગ હોઈને તેમને કાંઈપણ ઇચ્છા હોય નહીં. ભગવાનના સેવકો ઇન્દ્રો વગેરે, ભવ્ય જીવોનાં હિત માટે તથા ધર્મની પ્રભાવના માટે ભગવાનને વિહારની પ્રાર્થના કરે એવો તેમનો આચાર છે. જે જે જગોએ લાયક જીવો હોય ત્યાં ઇચ્છા રહિતપણે ભગવાનનો વિહાર થાય છે. તે મુજબ આર્યદેશોમાં ભગવાનનો વિહાર થયો હતો.

રાજગૃહીના વિપુલાચલ પર ભગવાન પધારતાં ત્યાં સમોસરણની રચના ઇન્દ્રે કરી હતી અને ત્યાં રાજા શ્રેણીક વંદના તથા ધર્મોપદેશ શ્રવણ માટે ગયા હતા.

શ્રેણીક રાજાએ સમ્યગ્દર્શન પામ્યા પછી સોળ ભાવના ભાવતાં ભગવાન સમીપે તીર્થંકરનામકર્મ બાંધ્યું હતું. તેઓને વ્રત, સંયમ નિયમ કાંઈ પણ ન હતું-પણ તેઓ સમ્યગ્દ્રષ્ટિ હતા એ લક્ષમાં રાખવું. આવતી ચોવીશીમાં તેઓ પહેલાં તીર્થંકર થવાનાં છે;

## જ્ઞપ્તિક્રિયાની વ્યાખ્યા

જ્ઞપ્તિ ક્રિયાઃ-જ્ઞાનની વિકાર રહિત નિર્મળ ક્રિયા એટલે જ્ઞાનની એકાગ્રતા [ -અર્થાત્ જ્ઞાન સ્વભાવી આત્મામાં પુણ્ય-પાપ રહિત જ્ઞાનની એકાગ્રતા ] તે જ્ઞપ્તિ ક્રિયા છે.

## કરોતિક્રિયાની વ્યાખ્યા

કરોતિક્રિયાઃ-જડનું કર્તવ્ય મારું, પુણ્ય-પાપના ભાવનું કર્તવ્ય મારું, જડની અવસ્થા મારા હાથમાં છે એવી જે માન્યતા એટલે કે હું જડની ક્રિયા કરી શકું અને વિકારી પરિણામ મારાં એવો અભિપ્રાય તે કરોતિક્રિયા છે.

નોટઃ-( ૧ ) જડની અવસ્થા મારાથી થાય છે એવો ભાવ અને પુણ્ય-પાપના પરિણામ મારાં એવો ભાવ અર્થાત્ કરોતિક્રિયા જ્ઞાનીને હોતી નથી, પણ જ્ઞપ્તિક્રિયા ( જ્ઞાનક્રિયા ) હોય છે.

( ૨ ) જીવ પરનું કાંઈ કરી શકતો નથી તેથી પરની કોઈ ક્રિયા તે જીવની ક્રિયા નથી.

## ભગવાનને મહાવીરનું ઉપનામ

શ્રી વર્ધમાન સ્વામીનું સમ્યગ્દ્રષ્ટિપણું તો આગલા ભવોથી ચાલ્યું આવ્યું હતું; તેવી દ્રષ્ટિ પૂર્વક આત્માની સ્થિરતામાં લીન રહેવા માટે ભગવાન મહાન પુરુષાર્થ કરતા હતા. “પોતાના પુરુષાર્થ વગર ધર્મ થઈ શકે નહિ” એ સિદ્ધાંત ભગવાને અમલમાં મૂકેલો હોવાથી ઇન્દ્રો વગેરે ભગવાનના સેવકો ભગવાનને ‘મહાવીર’ ના ઉપનામથી કહેવા લાગ્યા, અને તેથી તેઓ મહાવીર ભગવાનના નામથી આજે પણ ઓળખાય છે.

## ભગવાનનું મોક્ષગમન

આયુષ્ય પુરું થતાં ભગવાનનો આત્મા સંપૂર્ણ શુધ્ધ થતાં શરીર એકક્ષેત્રાવગાહ સંબંધ બંધ પડયો; અને આત્મા છૂટો પડતાં (વજન વગરનો હોઈ) તેના ઊર્ધ્વગમન સ્વભાવના કારણે લોકને અગ્રે સ્થિત થયો. ભગવાન કારતક વદી ૦)) ( ગુજરાતી આસો વદી ૦)) ) ના રોજ વદી ૧૪ ના પાછલા ભાગમાં પ્રાતઃકાળમાં મુક્ત થયા. ભગવાનના નિર્વાણની આ ખબર વીજળીની માફક તુરત બધે ફેલાઈ ગઈ થોડી જ વારમાં દેવેન્દ્રો, રાજાઓ, સાધારણ દેવો અને મનુષ્યોના સમૂહ ભક્તિથી ગદ્ગદ્ થઈ નિર્વાણ સ્થાન ( પાવાપુરી ) માં પહોંચ્યા. તે વખતે પ્રાતઃકાળમાં કાંઈક અંધારૂં હોવાથી ભક્તિથી રત્નના તથા ઘી વગેરેના દીવાઓ કરવામાં આવ્યા હતા.

## તમારી નકલ પાંચને વંચાવો

ભગવાન મહાવીર વિશ્વ–ઉપકારક અને મહાન તીર્થના પ્રવર્તક તીર્થંકર મહાપુરુષ હતા તેથી તેમના નિર્વાણ કલ્યાણક માટે અગણિત પ્રદિપોની હારો થાય એ યોગ્ય જ છે. જન સમૂહ ભગવાનના નિર્વાણ દિવસની સમાપ્તિ માટે ‘દિવાળી’ ઉજવે એ સ્વાભાવિક છે.

### ભગવાનના શાસનની હાલની સ્થિતિ

ભગવાનનું શાસન ૨૧૦૪૨ વર્ષ સુધી ચાલવાનું છે; તેમાંથી માત્ર ૨૫૦૦ વર્ષ થયાં છે, એટલે હજુ લાંબો વખત ચાલવાનું છે. તે બતાવે છે કેઃ–સમ્યગ્દર્શન જીવો પામે તેવો આ વખત છે.

છતાં આ કાળે ભગવાનના તત્ત્વજ્ઞાનના અભ્યાસ તરફ અરુચિ જૈન સમાજમાં જોસબંધ પ્રવર્તે છે અને તે પ્રાપ્ત કરવાનો ઉપદેશ પણ વીરલ જીવો જ કરે છે. કેટલોક ભાગ બાહ્ય ક્રિયા ઉપર વજન આપનારો છે, જ્યારે બીજા ભાગનું વલણ વ્યવહારિક કેળવણી તરફ વિશેષ છે. જૈન–સમાજની વર્તમાન સ્થિતિ શ્રીમદ્રાજચંદ્રે નીચે મુજબ હોવાનું જણાવ્યું છે; તે કેટલે દરજ્જે સત્ય છે તેનો વાંચકોએ જ નિર્ણય કરી લેવો ઘટે છે.

શ્રીમદ્રાજચંદ્ર નીચે મુજબ કહે છેઃ–

૧–આશ્ચર્યકારક ભેદ પડી ગયા છે.
૨–ખંડિત છે.
૩–સંપૂર્ણ કરવાનું કાર્ય દુર્ગમ્ય દેખાય છે.
૪–તે પ્રભાવને વિષે મહત અંતરાય છે.
૫–દેશ, કાળાદિ ઘણા પ્રતિકૂળ છે.
૬–વીતરાગોનો મત લોક પ્રતિકૂળ થઈ પડયો છે.
૭–રૂઢીથી જે લોકો તેને માને છે તેના લક્ષમાં પણ તે પ્રતીત જણાતો નથી; અથવા અન્ય મતને વીતરાગનો મત સમજી પ્રવર્ત્યે જાય છે.
૮–યથાર્થ વીતરાગોનો મત સમજવાની તેમનામાં યોગ્યતાની ઘણી ખામી છે.
૯–દ્રષ્ટિરાગનું પ્રબળ રાજ્ય વર્તે છે.
૧૦–વેષાદિ વ્યવહારમાં મોટી વિટંબના કરી મોક્ષમાર્ગનો અંતરાય કરી બેઠા છે.
૧૧–તૂચ્છ પામર પુરુષો વિરાધક વૃત્તિના ધણી અગ્રભાગે વર્તે છે.
૧૨–કિંચિત્ સત્ય બહાર આવતાં પણ તેમને પ્રાણઘાત તુલ્ય દુઃખ લાગતું હોય તેમ દેખાય છે.

( પા. ૭૦૨ )

**નોટઃ**–તેથી જિજ્ઞાસુએ નિરુત્સાહ થવાનું નથી, પણ સત્ય પુરુષાર્થ કાળજીપૂર્વક કરવાનું આ કારણ છે એમ સમજવું.

# સદ્ગુરુનો સંસર્ગ હોવો દુર્લભ છે

### સદ્ગુરુના સંસર્ગની જરૂરિયાત

સદ્ગુરુ યથાર્થ જ્ઞાનરૂપી નેત્રના ધારક છે, સંપૂર્ણ પ્રાણીઓમાં તે દયા કરે છે, તે લાભની કે સત્કાર–પુરસ્કારની અપેક્ષા રાખતા નથી; ચતુર્ગતિઓમાં હજારો યાતનાઓ ભોગવે છે તે દેખીને તેમના અંતઃકરણમાં દયાનો પ્રવાહ વહે છે, “અહો! આ અજ્ઞજન મિથ્યાદર્શનાદિ અશુભ પરિણામોથી ગતિઓ ઉત્પન્ન કરવાવાળા કર્મોનો બંધ કરી રહ્યા છે, એ કર્મોથી છૂટવાનો ઉપાય તેઓ જાણતા નથી તેથી એ દીન પ્રાણી દુઃખરૂપી સમુદ્રમાં પ્રવેશ કરી દુઃખ ભોગવી રહ્યાં છે.” એવો વિચાર સદ્ગુરુ કરે છે. એવા સદ્ગુરુનો સંસર્ગ હોવો દુર્લભ છે.

જ્ઞાનની પ્રાપ્તિ વિના સાચી દેવપૂજા વગેરે નથી; જીવ જો સદ્ગુરુની સેવા નથી કરતો તો તેને જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી; જ્ઞાનવિના આત્માનું હિત કરવાવાળી દેવપૂજા, સ્વાધ્યાય વગેરે કાર્યોનું સ્વરૂપ જાણવામાં આવતું નથી અને તેથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

### સત્પુરુષનો ઉપદેશ સાંભળવો

દૈવયોગથી સત્પુરુષનો સહવાસ પણ પ્રાપ્ત થયો–પણ તેમની પાસેથી હિતનો ઉપદેશ ન સાંભળ્યો તો તેનો સહવાસનો ફાયદો જીવને મળતો નથી એમ જ સમજવું.

## ❀ ❀ ❀ ❀ આત્મધર્મની પ્રભાવના કરો ❀ ❀ ❀ ❀

જો આપણે ખેતરમાં બી ન વાવ્યું અને વૃષ્ટિ થઈ તો તે વૃષ્ટિથી કાંઈ ફાયદો નથી, તેમ સત્પુરુષનો ઉપદેશ ન સાંભળ્યો તો તેનો સહવાસ વ્યર્થ જ થયો એમ સમજવું.

### શ્રોતાઓએ અરુચિ છોડવી.

સત્પુરુષોનો ઉપદેશ સાંભળવા માટે જઈને કોઈ ત્યાં સુવે છે અથવા પોતાની પાસે બેઠેલા માણસો સાથે વાતો કરે છે અથવા તેની વાત સાંભળે છે–સત્પુરુષના ઉપદેશ તરફ તેનું લક્ષ જતું નથી અથવા તેની અરુચિ થઈ જાય છે.

### વસ્તુના સ્વરૂપની સુક્ષ્મતા

સત્પુરુષનાં વચન સાંભળવાં છતાં તેનો અભિપ્રાય ધ્યાનમાં રાખવો દુર્લભ છે કેમકે જીવાદિ વસ્તુઓનું સ્વરૂપ સૂક્ષ્મ હોવાથી તથા પૂર્વ કાળમાં કદી સાંભળવામાં નહીં આવવાથી તેનો અભિપ્રાય મનમાં સમજવો કઠણ છે.

### શ્રધ્ધા પ્રગટ કરવી દુર્લભ છે.

કદી બુદ્ધિના ઉઘાડથી જીવાદિનું સ્વરૂપ જાણે–ધર્મનું સ્વરૂપ જાણે તો પણ જીવાદિ સ્વરૂપમાં તથા ધર્મ સ્વરૂપમાં શ્રધ્ધા ઉત્પન્ન કરવી દુર્લભ છે.

### ધર્મનું સ્વરૂપ સમજવામાં મહા પુરુષાર્થની જરૂર.

મનુષ્યને સત્‌ધર્મનું સ્વરૂપ મહા પુરુષાર્થથી સમજાય છે. જ્ઞાન થયા પછી ધર્મમાં પ્રવૃત્તિ કરવામાં તેનાથી પણ અધિક પુરુષાર્થની જરૂર છે. જીવાદિ તત્ત્વનું સ્વરૂપ જેણે જાણ્યું છે એવા મનુષ્યોએ ધર્મનું સ્વરૂપ જાણીને તેમાં સ્થિર થવું જોઈએ. ધર્મનું આચરણ કરવામાં પ્રમાદને છોડી દેવો જોઈએ, એક ક્ષણ પણ તેનો આશ્રય નહીં કરવો જોઈએ.

### તત્ત્વજ્ઞ અને મૂઢના કાર્યક્ષેત્રો.

તત્ત્વજ્ઞ મનુષ્ય, મોક્ષનું મૂળ એવા સદ્ધર્મમાં પોતાનું હૃદય સ્થિર કરે છે.

મૂઢ મનુષ્ય અહિત કાર્યમાં જ પ્રયત્ન કરે છે અને પરમહિતકર ધર્મમાં હંમેશાં આળસુ રહે છે અને તે યોગ્ય જ છે. જો એવા મનુષ્ય એ પ્રવૃત્તિ ન કરે તો તેનું સંસારમાં ભ્રમણ કેમ થાય?

### સાચી સંલ્લેખના–( સાચો સંથારો )

જેને પોતાના રત્નત્રયમાં લાગેલા દોષો દૂર કરવાની ભાવના છે તેઓ સદ્‌ગુરુઓનો આશ્રય કરે છે. જો રત્નત્રય નિર્મળ કરવાની ભાવના જ નથી તો આ સાધુનું લીંગ વ્યર્થ શા માટે ધારણ કર્યું?

ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવા માત્રથી સંલ્લેખના થતી નથી, પરંતુ કષાયોના ત્યાગ કરવાથી સંલ્લેખના થાય છે અને તે સંલ્લેખના હોય તો જ સંવર–નિર્જરા થાય છે, કષાયોથી નવીન કર્મોનું ગ્રહણ થાય છે–બંધ થાય છે–સ્થિતિ થાય છે. **( ભગવતી આરાધના )**

### જૈન ધર્મનું ટૂંક સ્વરૂપ

પરાનુગ્રહ પરમ કારુણ્ય વૃત્તિ કરતાં પણ પ્રથમ ચૈતન્ય જિન પ્રતિમા થા, ચૈતન્ય જિન પ્રતિમા થા!

**( શ્રીમદ્‌ રાજચંદ્ર )**

ભગવાનના વખતમાં ધર્મ પામેલા મહાન આત્માઓની સંખ્યા:–

કેવળી ૭૦૦ પૂર્વધારી ૩૦૦ મનઃપર્યવજ્ઞાની ૫૦૦ વિક્રિયાઋદ્ધિધારી ૯૦૦ અવધિજ્ઞાની ૧૩૦૦ આચાર્ય–૪૦૦ ઉપાધ્યાય–૯૯૦૦ શ્રાવકો ૧ લાખ શ્રાવિકા ૩ લાખ અર્જિકાઓ–૩૬૦૦૦ અને ઋષિ ( સાધુ ) ઓ ૧૪૦૦૦.

ઉપર મુજબ ભગવાન મહાવીરના વખતમાં હતા, એ ઉપરાંત સમ્યગ્દ્રષ્ટિ પામેલા જીવો ઘણાં હતાં.

### વીતરાગ કથનની તીવ્રતા સમજવા માટે હાલ પ્રાપ્ત સાધનો

અનંત તીર્થંકરોએ કહેલી આત્માના સ્વરૂપની તીવ્રતા સમજવા માટેના હાલ સાધનો; શ્રી સમયસાર પરમાગમ, શ્રી પ્રવચનસાર, શ્રી પંચાસ્તિકાય, શ્રી નિયમસાર, શ્રી તત્ત્વાર્થસૂત્ર, શ્રી તત્ત્વાર્થ સાર, શ્રી બૃહદ્‌ દ્રવ્ય–સંગ્રહ, શ્રી પદ્મનંદીપંચવીશી, શ્રી ગોમટ્ટસાર, શ્રી સર્વાર્થસિધ્ધિ, શ્રી રાજવાર્તિક, શ્રી લબ્ધિસાર, શ્રી ક્ષપણાસાર, શ્રી પુરુષાર્થ સિદ્ધિ ઉપાય, શ્રી અષ્ટપાહુડ, શ્રી ત્રિલોક પ્રજ્ઞપ્તિ તથા શ્રી આત્માનુશાસન આદિ શાસ્ત્રો છે.

આ બાબતનું સર્વથી પ્રાચીન સાહિત્ય "ષટ્ખંડ આગમ" શ્રી ભૂતબલી તથા શ્રી પુષ્પદંત મુનિ કૃત છે. તે ઉપર ધવલ ટીકા થઈ છે તે હાલમાં હીંદિમાં પ્રસિધ્ધ થાય છે, તેના છ ભાગ છપાઈને બહાર પડી ગયા છે. તે ઉપરાંત શ્રી જયધવલ તથા શ્રી મહાધવલ શાસ્ત્રો છે તેમાંથી શ્રી જયધવલ છપાઈ પ્રસિધ્ધ થતું જાય છે, તેનો પહેલો ભાગ છપાઈને હમણાં જ બહાર પડયો છે.

આ શાસ્ત્રો સંબંધે શ્રીમદ્રાજચંદ્ર નીચે મુજબ કહે છેઃ–

"દિગંબરના તીવ્ર વચનોને લીધે કંઈ રહસ્ય સમજી શકાય છે." (આવૃત્તિ પાંચમી) પાનું–૧૧૫

ઉપરના શાસ્ત્રમાંથી શ્રી સમયસાર, આત્માનુશાસન ગુજરાતીમાં પ્રસિધ્ધ થયા છે અને પ્રવચનસાર ગુજરાતીમાં પ્રસિધ્ધ કરવાની યોજના થઈ ગઈ છે.

તત્ત્વજ્ઞાનના રસિક જીવોએ આ શાસ્ત્રોનો તટસ્થપણે અભ્યાસ કરવાની જરૂર છે.

જૈનધર્મ કોઈ વ્યક્તિના કથન, પુસ્તક, ચમત્કાર કે વિશેષ વ્યક્તિ પર નિર્ભર નથી. તે તો સત્યનો અખંડ ભંડાર, વિશ્વનો ધર્મ છે. અનુભવ તેનો આધાર છે, યુક્તિવાદ તેનો અત્મા છે. એ ધર્મને કાળની મર્યાદામાં કેદ કરી શકાય નહીં, પદાર્થોના સ્વરૂપનો તે પ્રદર્શક છે. ત્રિકાળ અબાધિત સત્યરૂપ છે. વસ્તુઓ અનાદિ અનંત છે તેથી તેનું સ્વરૂપ પ્રકાશક તત્ત્વજ્ઞાન પણ અનાદિ અનંત છે.

**ભરતના ચંદાજી તમે જાજોરે તમે જાજોરે મહા વિદેહના દેશમાં,**

ત્યાં સીમંધર તાતને કેજો એટલડું કેજો એટલડું જઈને કેજો કે તેડા મોકલે ૧

જંબુ ભરતે છે દાસ તુમારો, એ ઝંખી રહ્યો છે દીનરાતો; ત્યાં કોણ છે એને આધારો કે તેડા મોકલે ૨

વીર પ્રભુ થયા છે સિધ્ધ, આતમની ઘટી છે રિધ્ધ; નહિ આચાર્ય મુનીના જુથ્થ, કે તેડા મોકલે ૩

જેમ માત વિહુણો બાળ, અરહો પરહો અથડાય; પછી આકુળ વ્યાકુળ થાય, કે તેડા મોકલે ૪

ધન્ય ધન્ય વિદેહના આતમા, જેણે હોંસે સેવ્યા પરમાત્મા; હું ભળું પ્રભુ એ ભાતમાં, કે તેડા મોકલે ૫

પ્રભુ સંયમ લઈ રહું સાથે, નિજ સ્વરૂપ સ્થિરતાની ગાઢે; એવો અવસર ઝટ મુને આપે, કે તેડા મોકલે ૬

પ્રભુ દાસ બીજું નવ માગે, એક આતમ ઇચ્છું તુમ સાખે; એવી અંતરની ઉંડી અભિલાષે, કે તેડા મોકલે ૭

## ભરતક્ષેત્રે ભવ્યજીવોની ભીડ ભાંગવા માટે ભગવાને ભોમિયો મોકલ્યો છે

# ભેટશો, કોઈ ભેટશો, અરે ! કોઈ ભેટશો ?

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી શ્રી કાનજીસ્વામીનો શુભ જન્મ વિ. સં. ૧૯૪૬ ના વૈશાખ સુદ બીજ ને રવિવારના દિવસે કાઠિયાવાડના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં થયો હતો. તેઓશ્રીનાં માતુશ્રીનું નામ ઉજમબાઈ અને પિતાશ્રીનું નામ મોતીચંદભાઈ હતું. જ્ઞાતિએ તેઓ દશા શ્રીમાળી વણિક હતા. બાળવયમાં તેઓશ્રીના વિષે કોઈ જોષીએ કહ્યું હતું કે આ કોઈ મહાપુરુષ થશે. બાળપણથી જ તેઓશ્રીના મુખ પર વૈરાગ્યની સૌમ્યતા અને નેત્રોમાં બુદ્ધિ ને વીર્યનું તેજ દેખાતું. તેઓશ્રીએ ઉમરાળાની જ નિશાળમાં અભ્યાસ કર્યો હતો. જોકે નિશાળમાં તેમ જ જૈનશાળામાં તેઓશ્રી પ્રાયઃ પ્રથમ નંબર રાખતા તોપણ નિશાળમાં અપાતા વ્યાવહારિક જ્ઞાનથી તેમના ચિત્તને સંતોષ થતો નહીં, અને તેમને ઊંડે ઊંડે એમ રહ્યા કરતું કે 'હું જેની શોધમાં

છું તે આ નથી.' કોઈ કોઈ વાર આ દુઃખ તીવ્રતા ધારણ કરતું; અને એક વાર તો, માતાથી વિખૂટા પડેલા બાળકની જેમ, તે બાળ મહાત્મા સત્‌ના વિયોગે ખૂબ રડયા હતા.

નાની વયમાં જ માતાપિતા કાળધર્મ પામવાથી તેઓશ્રી આજીવિકા અર્થે તેમના મોટા ભાઈ ખુશાલભાઈ સાથે પાલેજમાં ચાલુ દુકાનમાં જોડાયા. ધીમે ધીમે દુકાન સારી જામી. વેપારમાં તેમનું વર્તન પ્રમાણિક હતું. એક વાર ( લગભગ ૧૬ વર્ષની વયે ) તેમને કોઈ કારણે વડોદરાની કોર્ટમાં જવું પડયું હતું. ત્યાં તેઓશ્રીએ અમલદાર સમક્ષ સત્ય હકીકત સ્પષ્ટતાથી જણાવી દીધી હતી. તેમના મુખ પર તરવરતી નિખાલસતા, નિર્દોષતા ને નીડરતાની અમલદાર પર છાપ પડી અને તેમણે કહેલી સર્વ હકીકત ખરી છે એમ વિશ્વાસ આવવાથી બીજા આધાર વિના તે સર્વ હકીકત સંપૂર્ણપણે માન્ય રાખી.

પાલેજમાં તેઓશ્રી કોઈ કોઈ વખત નાટક જોવા જતા; પરંતુ અતિશય આશ્ચર્યની વાત તો એ છે કે નાટકમાંથી શ્રૃંગારિક અસર થવાને બદલે કોઈ વૈરાગ્યપ્રેરક દ્રશ્યની ઊંડી અસર તે મહાત્માને થતી અને તે કેટલાય દિવસ સુધી રહેતી. કોઈ કોઈ વખત તો નાટક જોઈને આવ્યા પછી આખી રાત વૈરાગ્યની ધૂન રહેતી. એકવાર નાટક જોયા પછી 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' એ લીટીથી શરૂ થતું કાવ્ય તેમણે બનાવ્યું હતું. સાંસારિક રસનાં પ્રબળ નિમિત્તોને પણ મહાન આત્માઓ વૈરાગનાં નિમિત્ત બનાવે છે!

આ રીતે પાલેજની દુકાનમાં વેપારનું કામકાજ કરતાં છતાં તે મહાત્માનું મન વેપારમય કે સંસારમય થયું નહોતું. તેમનો અંતર્વ્યાપાર તો જુદો જ હતો. તેમના અંતરનો સ્વાભાવિક ઝોક હંમેશાં ધર્મ અને સત્યની શોધ પ્રતિ જ રહેતો. ઉપાશ્રયે કોઈ સાધુ આવે કે તેઓ તે સાધુની સેવા તેમ જ તેમની સાથે ધાર્મિક વાર્તાલાપ માટે દોડી જતા અને ઘણો સમય ઉપાશ્રયે ગાળતા. ધાર્મિક અભ્યાસ પણ ચાલુ હતો. તેમનું ધાર્મિક જીવન અને સરળ અંતઃકરણ જોઈને તેમના સંબંધીઓ તેમને 'ભગત' કહેતા. તેમણે તેમના મોટા ભાઈ ખુશાલ ભાઈને સ્પષ્ટ જણાવી દીધું હતું કે 'મારું વેવિશાળ કરવાનું નથી; મારા ભાવ દીક્ષા લેવાના છે.' ખુશાલભાઈએ તેમને ઘણું સમજાવ્યા કે– 'ભાઈ, તું ન પરણે તો ભલે તારી ઇચ્છા, પરંતુ તું દીક્ષા ન લે. તારે દુકાને ન બેસવું હોય તો ભલે તું આખો દિવસ ધાર્મિક વાંચનમાં ને સાધુઓના સંગમાં ગાળ, પણ દીક્ષાની વાત ન કર.' આમ ઘણું સમજાવવા છતાં તે મહાત્માના વૈરાગી ચિત્તને સંસારમાં રહેવાનું પસંદ પડયું નહિ. દીક્ષા લીધા પહેલાં તેઓશ્રી કેટલાક મહિનાઓ સુધી આત્માર્થી ગુરુની શોધ માટે કાઠિયાવાડ, ગુજરાત ને મારવાડમાં અનેક ગામો ફર્યા, ઘણા સાધુઓને મળ્યા પણ કયાંય મન ઠર્યું નહિ, ખરી વાત તો એ હતી કે પૂર્વ ભવની અધૂરી મૂકેલી સાધનાએ અવતરેલા તે મહાત્મા પોતે જ ગુરુ થવાને યોગ્ય હતા. આખરે બોટાદ સંપ્રદાયના હીરાચંદજી મહારાજના હાથે દીક્ષા લેવાનું નક્કી થયું અને સં. ૧૯૭૦ ના માગશર સુદ ૯ ને રવિવારને દિવસે ઉમરાળામાં મોટી ધામધૂમથી દીક્ષા મહોત્સવ થયો.

દીક્ષા લઈને તુરત જ મહારાજશ્રીએ શ્વેતાંબર શાસ્ત્રોનો સખત અભ્યાસ કરવા માંડયો; તે એટલે સુધી કે આહારાદિ શારીરિક આવશ્યકતાઓમાં વખત જતો તે પણ તેમને ખટકતો. લગભગ આખો દિવસ ઉપાશ્રયના કોઈ એકાંત ભાગમાં અભ્યાસ કરતા તેઓ જોવામાં આવતા. ચારેક વર્ષમાં લગભગ બધાં શ્વેતાંબર શાસ્ત્રો તેઓ વિચારપૂર્વક વાંચી ગયા. તેઓ સંપ્રદાયની રીત પ્રમાણે ચારિત્ર પણ કડક પાળતા. થોડા જ વખતમાં તેમની આત્માર્થિતાની, જ્ઞાનપિપાસાની અને ઉગ્ર ચારિત્રની સુવાસ કાઠિયાવાડમાં ફેલાઈ. તેમના ગુરુની મહારાજશ્રીપર બહુ કૃપા હતી મહારાજશ્રી પ્રથમથી જ તીવ્ર પુરુષાર્થી હતા. કેટલીક વખત તેમને કોઈ ભવિતવ્યતા પ્રત્યે વલણવાળી વ્યક્તિ તરફથી એવું સાંભળવાનો પ્રસંગ બનતો કે 'ગમે તેવું આકરું ચારિત્ર પાળીએ પણ કેવળી ભગવાને જો અનંત ભવ દીઠા હશે તો તેમાંથી એક પણ ભવ ઘટવાનો નથી. ' મહારાજશ્રી આવાં પુરુષાર્થહીનતાનાં મિથ્યા વચનો સાંખી શકતા નહિ અને બોલી ઊઠતા કે 'જે પુરુષાર્થી છે તેના અનંત ભવો કેવળી ભગવાને દીઠા જ નથી. જેને પુરુષાર્થ ભાસ્યો છે

તેને અનંત ભવ હોય જ નહિ, પુરુષાર્થીને ભવ સ્થિતિ આદિ કાંઈ નડતું નથી, તેને પાંચે સમવાય આવી મળયાં છે.' 'પુરુષાર્થ, પુરુષાર્થ ને પુરુષાર્થ' એ મહારાજશ્રીનો જીવનમંત્ર છે.

દીક્ષાના વર્ષો દરમ્યાન મહારાજશ્રીએ શ્વેતાંબર શાસ્ત્રોનો ખૂબ મનનપૂર્વક અભ્યાસ કર્યો. ભગવતી સૂત્ર તેઓશ્રીએ ૧૭ વાર વાંચ્યું છે. દરેક કાર્ય કરતાં તેમનું લક્ષ્ય સત્યના શોધન પ્રતિ જ રહેતું.

સં. ૧૯૭૮ માં શ્રી વીરશાસનના ઉદ્ધારનો, અનેક મુમુક્ષુઓના મહાન પુણ્યોદયને સૂચવતો એક પવિત્ર પ્રસંગ બની ગયો. વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યવિરચિત શ્રી સમયસાર નામનો મહાન ગ્રંથ મહારાજશ્રીના હસ્તકમળમાં આવ્યો. સમયસાર વાંચતાં જ તેમના હર્ષનો પાર ન રહ્યો. જેની શોધમાં તેઓ હતા તે તેમને મળી ગયું. શ્રી સમયસારજીમાં અમૃતનાં સરોવર છલકાતાં મહારાજશ્રીના અંતરનયને જોયાં. એક પછી એક ગાથા વાંચતા મહારાજશ્રીએ ઘુંટડા ભરી ભરીને તે અમૃત પીધું. ગ્રંથાધિરાજ સમયસારજીએ મહારાજશ્રી પર અપૂર્વ, અલૌકિક, અનુપમ ઉપકાર કર્યો અને તેમના આત્માનંદનો પાર ન રહ્યો. મહારાજશ્રીના અંતર્જીવનમાં પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજ ઘર દેખ્યું. ઉપયોગ ઝરણાનાં વહેણ અમૃતમય થયાં. જિનેશ્વરદેવના સુનંદન ગુરુદેવની જ્ઞાનકળા હવે અપૂર્વ રીતે ખીલવા લાગી.

સં. ૧૯૯૧ સુધી મહારાજશ્રીએ સ્થાનકવાસી સંપ્રદાયમાં રહી બોટાદ, વઢવાણ, અમરેલી, પોરબંદર, જામનગર, રાજકોટ વગેરે ગામોમાં ચાતુર્માસ કર્યાં અને શેષ કાળમાં સેંકડો નાનાંમોટાં ગામોને પાવન કર્યાં. કાઠિયાવાડના હજારો માણસોને મહારાજશ્રીના ઉપદેશ પ્રત્યે બહુમાન પ્રગટયું. અંતરાત્મધર્મનો ઉદ્યોત ઘણો થયો. જે ગામમાં મહારાજશ્રીનું ચાતુર્માસ હોય ત્યાં બહારગામનાં હજારો ભાઈબેનો દર્શનાર્થે જતાં અને તેમની અમૃતવાણીનો લાભ લેતાં. મહારાજશ્રી શ્વેતાંબર સંપ્રદાયમાં રહ્યા હોવાથી વ્યાખ્યાનમાં મુખ્યત્વે શ્વેતાંબર શાસ્ત્રો વાંચતા ( જો કે છેલ્લા વર્ષોમાં સમયસારાદિ પણ સભા વચ્ચે વાંચતા હતા ) પરંતુ તે શાસ્ત્રોમાંથી, પોતાનું હૃદય અપૂર્વ હોવાથી, અન્ય વ્યાખ્યાતાઓ કરતાં જુદી જ જાતના અપૂર્વ સિદ્ધાંતો તારવતા, વિવાદના સ્થળોને છેડતા જ નહિ. ગમે તે અધિકાર તેઓશ્રી વાંચે પણ તેમાં કહેલી હકીકતોને અંતરના ભાવો સાથે મીંઢવીને તેમાંથી એવા અલૌકિક આધ્યાત્મિક ન્યાયો કાઢતા કે જે કયાંય સાંભળવા ન મળ્યા હોય. 'જે ભાવે તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવ પણ હેય છે........શરીરમાં રોમે રોમે તીવ્ર રોગ થવા તે દુઃખ જ નથી, દુઃખનું સ્વરૂપ જુદું છે.........વ્યાખ્યાન સાંભળી ઘણા જીવો બૂઝે તો મને ઘણો લાભ થાય એમ માનનાર વ્યાખ્યાતા મિથ્યાદ્રષ્ટિ છે..........આ દુઃખમાં સમતા નહિ રાખું તો કર્મ બંધાશે–એવા ભાવે સમતા રાખવી તે પણ મોક્ષમાર્ગ નથી..........પાંચ મહાવ્રત પણ માત્ર પુણ્યબંધનાં કારણ છે. ' આવા હજારો અપૂર્વ ન્યાયો મહારાજશ્રી વ્યાખ્યાનમાં અત્યંત સ્પષ્ટ રીતે લોકોને સમજાવતા. દરેક વ્યાખ્યાનમાં મહારાજશ્રી સમ્યગ્દર્શન પર અત્યંત ભાર મૂકતા. તેઓશ્રી અનેક વાર કહેતા કે– 'શરીરનાં ચામડાં ઉતરડીને ખાર છાંટનાર ઉપર પણ ક્રોધ ન કર્યો–

## -: ગુરુદેવના ઉપકાર :-

[ મંદાક્રાન્તા ] જ્યાં જોઉં ત્યાં નજર પડતાં રાગ ને દ્વેષ હા! હા!
જ્યાં જોઉં ત્યાં શ્રવણ પડતાં પુણ્ય ને પાપ ગાથા;
જિજ્ઞાસુને શરણ સ્થળ કયાં? તત્ત્વની વાત કયાં છે?
પૂછે કોને પથ પથિક જ્યાં આંધળા સર્વ પાસે.

[ શાર્દૂલવિક્રીડિત ] એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં.
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી, ગગનથી ઓ કહાન તું ઊતરે,
અંધારે ડૂબતા અખંડ સત્‌ને તું પ્રાણવંતુ કરે
જેનો જન્મ થતાં સહુ જગતનાં પાખંડ પાછાં પડે,
જેનો જન્મ થતાં મુમુક્ષુ હૃદયો ઉલ્લાસથી વિકસે;
જેના જ્ઞાનકટાક્ષથી ઉદય ને ચૈતન્ય જૂદાં પડે,
ઈન્દ્રો એ જિનસુતના જનમને આનંદથી ઉજવે.

[ અનુષ્ટુપ ] ડુબેલું સત્ય અંધારે આવતું તરી આખરે;
ફરી એ વીર–વાકયોમાં પ્રાણ ને ચેતના વહે.

એવાં વ્યવહાર ચારિત્રો આ જીવે અનંતવાર પાળ્યાં છે, પણ સમ્યગ્દર્શન એક વાર પણ પ્રાપ્ત કર્યું નથી. લાખો જીવોની હિંસાનાં પાપ કરતાં મિથ્યાદર્શનનું પાપ અનંતગણું છે સમકિત સહેલું નથી. લાખો કરોડોમાં કોઈક વિરલ જીવને જ તે હોય છે. સમકિતી જીવ પોતાનો નિર્ણય પોતે જ કરી શકે છે. સમકિતી આખા બ્રહ્માંડના ભાવોને પી ગયો હોય છે. આજકાલ તો સૌ પોત પોતાના ઘરનું સમકિત માની બેઠા છે. સમકિતીને તો મોક્ષના અનંત સુખની વાનગી પ્રાપ્ત થઈ હોય છે. સમકિતીનું તે સુખ, મોક્ષના સુખના અનંતમા ભાગે હોવા છતાં, અનંત છે. ' અનેક રીતે, અનેક દલીલોથી, અનેક પ્રમાણોથી, અનેક દ્રષ્ટાંતોથી સમકિતનું અદ્‌ભુત મહાત્મ્ય તેઓશ્રી લોકોને ઠસાવતા. મહારાજશ્રીની જૈન ધર્મ પરની અનન્ય શ્રધ્ધા, આખું જગત ન માને તોપણ પોતાની માન્યતામાં પોતે એકલા ટકી રહેવાની તેમની અજબ દ્રઢતા અને અનુભવના જોરપૂર્વક નીકળતી તેમની ન્યાયભરેલી વાણી ભલભલા નાસ્તિકોને વિચારમાં નાખી દેતી અને કેટલાકને આસ્તિક બનાવી દેતી. એ કેસરીસિંહનો સિંહનાદ પાત્ર જીવોના હૃદયના ઊંડાણને સ્પર્શી તેમના આત્મિક વીર્યને ઉછાળતો. સત્યના જોરે આખા જગતના અભિપ્રાયો સામે ઝુઝતા એ અધ્યાત્મયોગીની ગર્જના જેમણે સાંભળી હશે તેમના કાનમાં હજુ તેનો રણકાર ગુંજતો હશે.

આવી અદ્‌ભુત પ્રભાવશાળી અને કલ્યાણકારિણી વાણી અનેક જીવોને આકર્ષે એ સ્વાભાવિક છે. સાધારણ રીતે ઉપાશ્રયમાં કામધંધાથી નિવૃત્તિ થયેલા વૃદ્ધ માણસો મુખ્યત્વે આવે છે, પરંતુ કાનજી મહારાજ જ્યાં પધારે ત્યાં તો યુવાનો, કેળવાએલા માણસો, વકીલો, દાક્તરો, શાસ્ત્રના અભ્યાસીઓ વગેરેથી ઉપાશ્રય ઊભરાઈ જતો. મોટા ગામોમાં મહારાજશ્રીનું વ્યાખ્યાન પ્રાયઃ ઉપાશ્રયમાં નહિ પણ કોઈ વિશાળ જગ્યામાં રાખવું પડતું. દિવસે દિવસે તેમની ખ્યાતિ વધતી જ ગઈ. વ્યાખ્યાનમાં હજારો માણસો આવતાં. આસપાસનાં ગામોમાંથી પણ માણસો આવતાં. આગળ જગ્યા મળે એ હેતુથી સેંકડો લોકો કલાક દોઢદોઢ કલાક વહેલા આવીને બેસી જતા. કોઈક જિજ્ઞાસુઓ વ્યાખ્યાનોની ટુંકી નોંધ કરી લેતા. જે ગામમાં મહારાજશ્રી પધારે તે ગામમાં શ્રાવકોના ઘરે ઘરે ધર્મની ચર્ચા ચાલતી અને સર્વત્ર ધર્મનું જ વાતાવરણ જામી રહેતું. શેરીઓમાં શ્રાવકોનાં ટોળાં ધર્મની વાતો કરતાં નજરે પડતાં, સવાર, બપોર ને સાંજ ઉપાશ્રયના રસ્તે જનસમુદાયની ભારે અવરજવર રહ્યા કરતી. ઉપાશ્રયમાં લગભગ આખો દિવસ તત્ત્વજ્ઞાનચર્ચાની શીતળ લહરીઓ છૂટતી. કેટલાંક મુમુક્ષુઓનું તો વેપારધંધામાં ચિત્ત ચોંટતું નહિ ને મહારાજશ્રીની શીતળ છાંયામાં ઘણો ખરો વખત ગાળતા. એ રીતે ગામોગામ અનેક સુપાત્ર જીવોના હૃદયમાં મહારાજશ્રીએ સત્‌ની રુચિના બીજ રોપ્યાં. મહારાજશ્રીના વિયોગમાં પણ તે મુમુક્ષુઓ મહારાજશ્રીના બોધ વિચારતા, ભવભ્રમણ કેમ ટળે સમ્યક્ત્વ કેમ પ્રાપ્ત થાય તેની ઝંખના કરતા, કોઈ વાર ભેગા મળીને તત્ત્વચર્ચા કરતા, મહારાજશ્રીએ કહેલાં પુસ્તકો વાંચતા વિચારતા.

સ્થાનકવાસી સાધુઓમાં મહારાજશ્રીનું સ્થાન અજોડ હતું. 'કાનજી મહારાજ શું કહે છે'–એ જાણવા સાધુ–સાધ્વીઓ ઉત્સુક રહેતાં. કેટલાક

## અધ્યાત્મ મૂર્તિ સદ્‌ગુરુદેવને
### ( હરિગીત )

તુજ પાદપંકજ જ્યાં થયાં તે દેશને પણ ધન્ય છે, એ ગામ-પુરને ધન્ય છે, એ માત કુળ જ વન્દ્ય છે;
તારાં કર્યાં દર્શન અરે! તે લોક પણ કૃતપુણ્ય છે, તુજ પાદની સ્પર્શાઈ એવી ધૂલિને પણ ધન્ય છે,
તારી મતિ તારી ગતિ, ચારિત્ર લોકાતીત છે, આદર્શ સાધુ તું થયો, વૈરાગ્ય વચનાતીત છે.
વૈરાગ્ય મૂર્તિ, શાન્તમુદ્રા, જ્ઞાનનો અવતાર તું, ઓ દેવના દેવેન્દ્ર વ્હાલા! ગુણ તારા શું કથું?
અનુભવ મહીં આનંદ તો સાપેક્ષ દ્રષ્ટિ તું ધરે, દુનિયા બિચારી બાવરી તુજ દિલ દેખે કયાં અરે?
તારા હૃદયના તારમાં રણકાર પ્રભુના નામના, એ નામ 'સોહં' નામનું, ભાષા પરા જ્યાં કામના.
અધ્યાત્મની વાતો કરે, અધ્યાત્મની દ્રષ્ટિ ધરે, નિજ દેહ-અણુ અણુમાં અહો! અધ્યાત્મરસ ભાવે ભરે;
અધ્યાત્મમાં તન્મય બની અધ્યાત્મને ફેલાવતો, કાયા અને વાણી-હૃદય, અધ્યાત્મમાં રેલાવતો.
જ્યાં જ્યાં તમારી દ્રષ્ટિ ત્યાં આનંદના ઉભરા વહે, છાયા છવાયે શાન્તિની તું શાન્ત મૂર્તે! જ્યાં રહે;
અધ્યાત્મ મૂર્તિ, શાન્ત મુદ્રા, જ્ઞાનનો અવતાર તું, ઓ કહાનદેવ દેવેન્દ્ર વ્હાલા! ગુણ તારા શું કથું?

## પુ. ગુરુદેવની રાત્રિચર્ચામાંથી મેળવેલું

પ્રશ્નઃ–રાગદ્વેષ આત્માના નથી ત્યારે કોનાં છે?

ઉત્તરઃ–આત્માના (સ્વરૂપના) નથી; તે થાય છે આત્મામાં, કંઈ જડમાં થતાં નથી; પણ તે જડના સંયોગથી થતા હોવાથી તેને જડના કહ્યા છે.

જ્ઞાનમાં (જ્ઞાન કરવામાં) પોતે વિકાર ભાવ કરે છે–પણ જડમાં કાંઈ વિકાર (રાગદ્વેષ) નથી થતાં.

પ્રશ્નઃ–જ્ઞાનનું સ્વરૂપ શું?

ઉત્તરઃ–જાણવું તે. (જાણવામાં રાગદ્વેષ તે જ્ઞાનનું સ્વરૂપ નથી) 'હું આને જાણું છું' એમ બોલાય પણ ખરેખર પરને નહીં પણ પોતાના જ્ઞાનની પર્યાયને જાણે છે.

ચેતન (સ્વલક્ષચૂકીને) જડ પક્ષમાં લક્ષ કરે છે ત્યારે રાગદ્વેષ થાય છે એટલે તે રાગદ્વેષ જડ પક્ષમાં જાય છે ચેતન જડ તરફ લક્ષ કરે છે કે "મને આનાથી ફાયદો કે નુકસાન થશે" ત્યારે રાગદ્વેષ થાય છે.

પ્રશ્નઃ–ચેતન તો અસંગ સ્વભાવી છે ને પરસંગ (પરલક્ષ) કેમ કરે?

ઉત્તરઃ–શક્તિથી અસંગ છે, પણ વર્તમાન (પર્યાયમાં) સંગની યોગ્યતા છે.

આત્મા જગતની એક સ્વતંત્ર વસ્તુ છે; તેનો જ્ઞાન ગુણ અનાદિ અનંત છે; તેની અનાદિથી વિકારી અવસ્થા છે; જ્યારે સાચું ભાન થાય (કરે) ત્યારે તે વિકારી અવસ્થા ટળે.

સાધુ–સાધ્વીઓ મહારાજશ્રીનાં વ્યાખ્યાનની નોંધ મુમુક્ષુ ભાઈબેનો પાસેથી મેળવી વાંચી લેતાં.

મહારાજશ્રીએ ઘણાં વર્ષો સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહી આત્મધર્મનો ખૂબ પ્રચાર કર્યો અને સાધુ તથા શ્રાવકોને વિચારતા કરી મૂકયા.

મહારાજશ્રી સં. ૧૯૯૧ સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહ્યા. પરંતુ અંતરંગ આત્મામાં વાસ્તવિક વસ્તુસ્વભાવ અને વાસ્તવિક નિર્ગ્રંથમાર્ગ ઘણાં વખતથી સત્ય લાગતો હોવાથી તેઓશ્રીએ યોગ્ય સમયે કાઠિયાવાડના સોનગઢ નામના નાના ગામમાં ત્યાંના એક ગૃહસ્થના ખાલી મકાનમાં સં. ૧૯૯૧ ના ચૈત્ર સુદ ૧૩ ને મંગળવારને દિને 'પરિવર્તન, કર્યું–સ્થાનકવાસી સંપ્રદાયનું ચિહ્ન જે મુહપતિ તેનો ત્યાગ કર્યો. સંપ્રદાય ત્યાગનારાઓને કેવી કેવી અનેક મહાવિપત્તિઓ પડે છે, અને તદ્ ઉપરાંત બાળ જીવો તરફથી અજ્ઞાનને લીધે તેમના પર કેવી અઘટિત નિંદાની ઝડીઓ વરસે છે, તેનો તેમને સંપૂર્ણ ખ્યાલ હતો પણ તે નીડર ને નિસ્પૃહ મહાત્માએ તેની કાંઈ પરવા કરી નહિ. સંપ્રદાયના હજારો શ્રાવકોનાં હૃદયમાં મહારાજશ્રી અગ્રસ્થાને બિરાજતા હતા તેથી ઘણા શ્રાવકોએ મહારાજશ્રીને પરિવર્તન નહિ કરવા અનેક પ્રકારે પ્રેમભાવે વિનવ્યા હતા. પરંતુ જેના રોમે રોમમાં વીતરાગપ્રણીત યથાર્થ સન્માર્ગ પ્રત્યે ભક્તિ ઊછળતી હતી તે મહાત્માએ પ્રેમભરી વિનવણીની અસર હૃદયમાં ઝીલી, રાગમાં તણાઈ, સત્‌ને કેમ ગૌણ થવા દે? સત્ પ્રત્યેની પરમ ભક્તિમાં સર્વ પ્રકારની પ્રતિકૂળતાનો ભય ને અનુકૂળતાનો રાગ અત્યંત ગૌણ થઈ ગયા. જગતથી તદ્‌ન નિરપેક્ષપણે, હજારોની માનવ મેદનીમાં ગર્જતો સિંહ સત્‌ને ખાતર સોનગઢના એકાંત સ્થળમાં જઈને બેઠો.

મહારાજશ્રીએ જેમાં પરિવર્તન કર્યું તે મકાન વસતિથી અલગ હોવાથી બહુ શાંત હતું. દૂરથી આવતા માણસનો પગરવ કયાંયથી સંભળાતો. થોડા મહિનાઓ સુધી આવા નિર્જન સ્થળમાં માત્ર (મહારાજશ્રીના પરમ ભક્ત) જીવણલાલજી મહારાજ સાથે અને કોઈ દર્શનાર્થે આવેલા બે ચાર મુમુક્ષુઓ સાથે સ્વાધ્યાય, જ્ઞાન–ધ્યાન વગેરેમાં લીન થયેલા મહારાજશ્રીને જોતાં હજારોની માનવમેદની સ્મૃતિગોચર થતી અને તે જાહોજલાલીને સર્પ કંચુ કવત્ છોડનાર મહાત્માની સિંહવૃત્તિ, નિરીહતા અને નિર્માનતા આગળ હૃદય નમી પડતું.

જે સ્થાનકવાસી સંપ્રદાય કાનજીસ્વામીના નામથી ગૌરવ લેતો તે સંપ્રદાયમાં મહારાજશ્રીના 'પરિવર્તન' થી ભારે ખળભળાટ થાય એ સ્વાભાવિક છે. પરંતુ મહારાજશ્રી ૧૯૯૧ ની સાલ સુધીમાં કાઠિયાવાડમાં લગભગ દરેક સ્થાનકવાસીના હૃદયમાં પેસી ગયા હતા. મહારાજશ્રી પાછળ કાઠિયાવાડ ઘેલું બન્યું હતું. તેથી 'મહારાજશ્રીએ જે કર્યું હશે તે સમજીને જ કર્યું હશે.' એમ વિચારીને ધીમે ધીમે ઘણા લોકો તટસ્થ થઈ ગયા. કેટલાક લોકો સોનગઢમાં શું ચાલે છે તે જોવા આવતા, પણ મહારાજશ્રીનું પરમ પવિત્ર જીવન અને અપૂર્વ ઉપદેશ સાંભળી તેઓ ઠરી જતા, તૂટેલો ભક્તિનો પ્રવાહ ફરીને વહેવા લાગતો. કોઈ કોઈ પશ્ચાત્તાપ કરતા કે 'મહારાજ! આપના વિષે તદ્‌ન કલ્પિત વાતો સાંભળી અમે આપની ઘણી આશાતના કરી છે, ઘણાં કર્મ બાંધ્યા છે. અમને

ક્ષમા આપજો.' આ રીતે જેમ જેમ મહારાજશ્રીના પવિત્ર ઉજ્જ્વળ જીવન તેમ જ આધ્યાત્મિક ઉપદેશ વિષે લોકોમાં વાત ફેલાતી ગઈ, તેમ તેમ વધારેને વધારે લોકોને મહારાજશ્રી પ્રત્યે મધ્યસ્થતા થતી ગઈ અને ઘણાને સાંપ્રદાયિક મોહને કારણે દબાઈ ગયેલી ભક્તિ પુનઃ પ્રગટતી ગઈ. મુમુક્ષુ અને બુદ્ધિશાળી વર્ગની તો મહારાજશ્રી પ્રત્યે પહેલાંના જેવી જ પરમ ભક્તિ રહી હતી. અનેક મુમુક્ષુઓના જીવનાધાર કાનજીસ્વામી સોનગઢમાં જઈને રહ્યા, તો મુમુક્ષુઓનાં ચિત્ત સોનગઢ તરફ ખેંચાયાં, ધીમે ધીમે મુમુક્ષુઓનાં પૂર સોનગઢ તરફ વહેવા લાગ્યાં. સાંપ્રદાયિક મોહ અત્યંત દુર્નિવાર હોવા છતાં, સત્‌ના અર્થી જીવોની સંખ્યા ત્રણે કાળે અત્યંત અલ્પ હોવા છતાં, સાંપ્રદાયિક મોહ તેમ જ લૌકિક ભયને છોડીને સોનગઢ તરફ વહેતા સત્સંગાર્થી જનોનાં પૂર દિન પ્રતિદિન વેગપૂર્વક વધતાં જ જાય છે.

પરિવર્તન કર્યા પછી પૂ. મહારાજશ્રીનો મુખ્ય નિવાસ સોનગઢમાં જ છે. મહારાજશ્રીની હાજરીને લીધે સોનગઢ એક તીર્થધામ જેવું બની ગયું છે. બહારગામથી અનેક મુમુક્ષુ ભાઈબેનો મહારાજશ્રીના ઉપદેશનો લાભ લેવા સોનગઢ આવે છે. દૂર દેશોથી ઘણા દિગંબર જૈનો, પંડિતો, બ્રહ્મચારીઓ વગેરે પણ આવે છે. બહારગામના માણસોને જમવા તથા ઊતરવા માટે ત્યાં જૈનઅતિથિગૃહ છે. કેટલાક ભાઈઓ તથા બેનો ત્યાં ઘર કરીને કાયમ રહ્યાં છે. કેટલાક સત્સંગાર્થીઓ થોડા મહિનાઓ માટે પણ ત્યાં ઘર કરીને અવારનવાર રહે છે. બહારગામના મુમુક્ષુઓનાં હાલમાં ત્યાં ચાળીસેક ઘર છે.

પૂ. મહારાજશ્રીએ જે મકાનમાં પરિવર્તન કર્યું તે મકાન નાનું હતું, તેથી જ્યારે ઘણાં માણસો થઈ જતાં ત્યારે વ્યાખ્યાન વાંચવાની અગવડ પડતી. પર્યુષણમાં તો બીજે સ્થળે વ્યાખ્યાન વાંચવા જવું પડતું. આ રીતે મકાનમાં માણસોનો સમાસ નહિ થતો હોવાથી ભક્તોએ સં. ૧૯૯૪ માં એક મકાન બંધાવ્યું અને તેનું નામ 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર' રાખ્યું. મહારાજશ્રી હાલમાં ત્યાં રહે છે. તેમની સાથે જીવનલાલજી મહારાજ ઉપરાંત બીજા બે ભક્તિવંત સાધુઓ સત્સગાર્થે રહ્યા છે. ત્યાં લગભગ આખો દિવસ સ્વાધ્યાય જ ચાલ્યા કરે છે. સવારે તથા બપોરે ધર્મોપદેશ અપાય છે. રાત્રે ધર્મચર્ચા ચાલે છે. ધર્મોપદેશમાં તથા તે સિવાયના વાંચનમાં ત્યાં ભગવાન કુંદકુંદાચાર્યના શાસ્ત્રો. તત્ત્વાર્થસાર, ગોમટ્ટસાર ષટખંડાગમ, પંચાધ્યાયી, પદ્મનંદિપંચવિંશતિ, દ્રવ્યસંગ્રહ, મોક્ષમાર્ગ પ્રકાશક, શ્રીમદ્ રાજચંદ્ર વગેરે વગેરે પુસ્તકો વંચાય છે. ત્યાં આવનાર મુમુક્ષુનો આખો દિવસ ધાર્મિક આનંદમાં પસાર થઈ જાય છે.

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી ગુરુદેવને સમયસારજી પ્રત્યે અતિશય ભક્તિ છે તેથી જે દિવસે સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન થયું તે જ દિવસે એટલે સં. ૧૯૯૪ ના વૈશાખ વદ ૮ ને રવિવારના રોજ સ્વાધ્યાય મંદિરમાં શ્રી સમયસારજીની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. શ્રી સમયસારજી પ્રતિષ્ઠાના મહોત્સવ પર બહાર ગામથી લગભગ ૭૦૦ માણસો આવ્યા હતાં. મહારાજશ્રી સમયસારજીને ઉત્તમોત્તમ શાસ્ત્ર ગણે

## પૂ. ગુરુદેવના વ્યાખ્યાનમાંથી તારવેલું

૧–દરેક દ્રવ્ય ઉત્પાદ, વ્યય, ધ્રુવ સહિત છે. જો દ્રવ્યને એકલું ધ્રુવ માનવામાં આવે તો અશુદ્ધ અવસ્થાનો વ્યય (નાશ) અને શુદ્ધ અવસ્થાની ઉત્પત્તિ કેમ થશે? વળી જો ઉત્પાદ વ્યય માનવામાં આવે અને ધ્રુવ ન માને તો પર્યાય બદલતાં વસ્તુ ત્રિકાળ ટકી શકશે નહીં–આ રીતે વસ્તુમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ છે જ.

(પ્રવચનસાર ગાથા ૯.)

૨–નિમિત્તથી રાગ નથી, રાગ કરે ત્યાં નિમિત્ત હાજર હોય છે. (સમયસાર ગાથા ૧૩)

૩–કાર્ય જેટલું કરે તેટલું તેનું ફળ આવે જ; એટલે જેટલો પુરુષાર્થ કરે તેટલું ફળ આવે જ; કોઈ કર્મ તેને રોકી શકવા સમર્થ નથી. (સમયસાર ગાથા-૧૩)

૪–અનાદિથી "જાણનારો હું નહીં–પણ–જણાય તે હું" એવી ઊંધી માન્યતા છે તેથી શરીરની અવસ્થાને પોતાની થતી હોય તેમ માને છે. તે માન્યતા અજ્ઞાન જ છે. (સમયસાર ગાથા-૧૩)

૫–પરના સંયોગ વગર એકલા આત્મામાં જે થાય તે આત્માનો સ્વભાવ; સ્વભાવ ટળી શકે નહીં. પુણ્ય–પાપ ટળી શકે છે માટે તે આત્માનો સ્વભાવ નથી.

જો નિમિત્તનો સંયોગ ન હોય તો એકલા આત્મામાં વિકાર થાય નહીં–તેથી એમ ન માનવું કે નિમિત્ત શુભાશુભ વિકાર કરાવે છે; શુભ અશુભ ભાવનો કર્તા તો (વિકારી) આત્મા પોતે જ છે–જે પર વસ્તુના લક્ષે વિકાર કરે તે પરવસ્તુને વિકારનું નિમિત્ત કહેવાય છે. (સમયસાર ગાથા-૧૩)

છે. સમયસારજીની વાત કરતાં પણ તેમને અતિ ઉલ્લાસ આવી જાય છે. સમયસારજીની પ્રત્યેક ગાથા મોક્ષ આપે એવી છે એમ તેઓશ્રી કહે છે. ભગવાન કુંદકુંદાચાર્યનાં ઘણાં શાસ્ત્રો પર તેમને અત્યંત પ્રેમ છે. 'ભગવાન કુંદકુંદાચાર્ય દેવનો અમારા પર ઘણો ઉપકાર છે, અમે તેમના દાસાનુદાસ છીએ' એમ તેઓશ્રી ઘણી વાર ભક્તિભીના અંતરથી કહે છે. શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્ય મહા વિદેહ ક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં તેઓશ્રી આઠ દિવસ રહ્યા હતા એ વિષે મહારાજશ્રીને અણુમાત્ર શંકા નથી. તેઓશ્રી ઘણી વાર પોકાર કરીને કહે છેઃ 'કલ્પના કરશો નહિ, ના કહેશો નહિ, એ વાત એમ જ છે; માનો તો પણ એમ જ છે, ન માનો તો પણ એમ જ છે. યથાતથ્ય વાત છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિધ્ધ છે.' શ્રીસીમંધરપ્રભુ પ્રત્યે ગુરુદેવને અપાર ભક્તિ છે. કોઈ કોઈ વખત સીમંધરનાથના વિરહે પરમ ભક્તિવંત ગુરુદેવનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહે છે.

વીતરાગના પરમ ભક્ત ગુરુદેવ કહે છે–'જૈન ધર્મ એ કોઈ વાડો નથી. એ તો વિશ્વધર્મ છે. જૈન ધર્મનો મેળ અન્ય કોઈ ધર્મ સાથે છે જ નહિ. જૈન ધર્મનો ને અન્ય ધર્મોનો સમન્વય કરવાનો પ્રયત્ન રેશમનો ને કંતાનનો સમન્વય કરવાના પ્રયત્ન જેવો વૃથા છે. દિગંબર જૈન ધર્મ તે જ વાસ્તવિક જૈન ધર્મ છે અને આંતરિક તેમ જ બાહ્ય દિગંબરતા વિના કોઈ જીવ મોક્ષ પામી શકે નહિ એમ તેમની દ્રઢ માન્યતા છે. તેઓશ્રીની મારફત સમયસાર, પ્રવચનસાર, પંચાધ્યાયી, મોક્ષમાર્ગ પ્રકાશક વગેરે અનેક દિગંબર પુસ્તકોનો ઘણો ઘણો પ્રચાર કાઠિયાવાડમાં થઈ રહ્યો છે. સોનગઢના પ્રકાશન ખાતામાંથી ગુજરાતી સમયસારની ૨૦૦૦ નકલો છપાઈ ને તુરત જ ખપી ગઈ. તે સિવાય સમયસાર ગુટકો, સમયસાર હરિગીત, ગણેશપ્રસાદ વર્ણીજી નાં પત્રો, અનુભવપ્રકાશ વગેરે ઘણાં પુસ્તકો ત્યાં છપાયાં અને કાઠિયાવાડમાં ફેલાયાં. તે ઉપરાંત આત્મસિદ્ધિશાસ્ત્રની હજારો પ્રતો ત્યાંથી પ્રકાશિત થઈ પ્રચાર પામી છે. ગુજરાત–કાઠિયાવાડના અધ્યાત્મપ્રેમી મુમુક્ષુઓને ગુજરાતી ભાષામાં આધ્યાત્મિક સાહિત્ય સુલભ થયું છે. કાઠિયાવાડમાં હજારો મુમુક્ષુઓ તેનો અભ્યાસ કરતા થયા છે. કેટલાક ગામોમાં પાંચ દશ પંદર મુમુક્ષુઓ ભેગા થઈને ગુરુદેવ પાસેથી ગ્રહણ કરેલા રહસ્ય અનુસાર સમયસારાદિ ઉત્તમ શાસ્ત્રોનું નિયમિત વાંચન–મનન કરે છે. આ રીતે પરમ પૂજ્ય ગુરુદેવની કૃપાથી પરમ પવિત્ર શ્રુતામૃતના ધોરિયા કાઠિયાવાડના ગામે ગામમાં વહેવા–લાગ્યા છે. અનેક સુપાત્ર જીવો એ જીવનોદકનું પાન કરી કૃતાર્થ થાય છે.

પરમ પૂજ્ય મહારાજશ્રીનું મુખ્ય વજન સમજણ પર છે. 'તમે સમજો; સમજ્યા વિના બધું નકામું છે.' એમ તેઓશ્રી વારંવાર કહે છે. 'કોઈ આત્મ–જ્ઞાની કે અજ્ઞાની–એક પરમાણુમાત્રને હલાવવાનું સામર્થ્ય ધરાવતો નથી, તો પછી દેહાદિની ક્રિયા આત્માના હાથમાં કયાંથી હોય ?

જ્ઞાની ને અજ્ઞાનીમાં આકાશ–પાતાળના અંતર જેવડો મહાન તફાવત છે, અને તે એ છે કે 'અજ્ઞાની પરદ્રવ્યનો તથા રાગદ્વેષનો કર્તા થાય છે અને જ્ઞાની પોતાને શુદ્ધ અનુભવતો થકો તેમનો કર્તા થતો નથી. તે કર્તૃત્વ છોડવાનો મહા પુરુષાર્થ દરેક જીવે કરવાનો છે. તે કર્તૃત્વબુદ્ધિ જ્ઞાન વિના છૂટશે નહિ. માટે તમે જ્ઞાન કરો.' –આ તેઓ શ્રીના ઉપદેશનો પ્રધાન સૂર છે. જ્યારે કોઈ શ્રોતાઓ કહે છે કે 'પ્રભુ ! આપ તો મેટ્રીકની ને એમ. એ. ની વાત કરો છો; અમે હજી એકડિયામાં છીએ. અમને એકડિયાની વાત સંભળાવો,' ત્યારે ગુરુદેવ કહે છેઃ 'આ જૈન ધર્મનો એકડો જ છે. સમજણ કરવી તે જ શરૂઆત છે. મેટ્રીકની ને એમ. એ. ની એટલે કે નિર્ગ્રંથદશાની ને વીતરાગતાની વાતો તો આઘી છે. આ સમજણ કર્યે જ છુટકો છે. એક ભવે, બે ભવે, પાંચ ભવે કે અનંત ભવે આ સમજ્યે જ મોક્ષમાર્ગની શરૂઆત થવાની છે. '

પરમ પૂજ્ય મહારાજશ્રીના જ્ઞાનને સમ્યક્‌પણાની મહોર તો ઘણા વખતથી પડી હતી. તે સમ્યગ્જ્ઞાન સોનગઢના વિશેષ નિવૃત્તિવાળા સ્થળમાં અદ્‌ભુત સૂક્ષ્મતાને પામ્યું; નવી નવી જ્ઞાનશૈલી સોનગઢમાં ખૂબ ખીલી. અમૃતકળશમાં જેમ અમૃત ઘોળાતાં હોય તેમ ગુરુદેવના પરમ પવિત્ર અમૃતકળશ સ્વરૂપ આત્મામાં તીર્થંકરદેવનાં વચનામૃતો ખૂબ ઘોળાયાં ઘુંટાયાં. એ ઘુંટાયલાં અમૃત કૃપાળુદેવ અનેક મુમુક્ષુઓને પીરસે છે ને ન્યાલ કરે છે. સમયસાર, પ્રવચનસાર વગેરે ગ્રંથો પર પ્રવચન કરતાં ગુરુદેવના શબ્દે શબ્દે એટલી ગહનતા, સૂક્ષ્મતા અને નવીનતા નીકળે છે કે તે શ્રોતાજનોના ઉપયોગને પણ સૂક્ષ્મ બનાવે છે અને વિદ્વાનોને આશ્ચર્યચકિત

કરે છે. જે અનંત આનંદમય ચૈતન્યઘન દશા પ્રાપ્ત કરીને સર્વજ્ઞ તીર્થંકરદેવે શાસ્ત્રો પ્રરૂપ્યા, તે પરમ પવિત્ર દશાનો સુધાસ્યંદી સ્વાનુભૂતિસ્વરૂપ પવિત્ર અંશ પોતાના આત્મામાં પ્રગટ કરીને સદ્ગુરુદેવ વિકસિત જ્ઞાનપર્યાય દ્વારા શાસ્ત્રમાં રહેલાં ગહન રહસ્યો ઉકેલી, મુમુક્ષુને સમજાવી અપાર ઉપકાર કરી રહ્યા છે. સેંકડો શાસ્ત્રોના અભ્યાસી વિદ્વાનો પણ ગુરુદેવની વાણી સાંભળી ઉલ્લાસ આવી જતાં કહે છે; 'ગુરુદેવ! અપૂર્વ આપના વચનામૃત છે; તેનું શ્રવણ કરતાં અમને તૃપ્તિ જ થતી નથી. આપ ગમે તે વાત સમજાવો તેમાંથી અમને નવું નવું જ જાણવાનું મળે છે. નવ તત્ત્વનું સ્વરૂપ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું સ્વરૂપ, સ્યાદ્વાદનું સ્વરૂપ ને સમ્યક્ત્વનું સ્વરૂપ, નિશ્ચયવ્યવહારનું સ્વરૂપ કે વ્રતનિયમતપનું સ્વરૂપ, ઉપાદાન-નિમિત્તનું સ્વરૂપ કે સાધ્ય-સાધનનું સ્વરૂપ, દ્રવ્યાનુયોગનું સ્વરૂપ કે ચરણાનુયોગનું સ્વરૂપ ગુણસ્થાનનું સ્વરૂપ કે બાધક-સાધકભાવનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ કે કેવળજ્ઞાનનું સ્વરૂપ-જે જે વિષયનું સ્વરૂપ આપના મુખે અમે સાંભળીએ છીએ તેમાં અમને અપૂર્વ ભાવો દ્રષ્ટિગોચર થાય છે. અમે શાસ્ત્રમાંથી કાઢેલા અર્થો તદ્ન ઢીલા, જડ-ચેતનના ભેળસેળવાળા, શુભને શુદ્ધમાં ખતવનારા, સંસાર ભાવને પોષનારા, વિપરીત અને ન્યાયવિરુદ્ધ હતા; આપના અનુભવમુદ્રિત અપૂર્વ અર્થો ટંકણખાર જેવા-શુદ્ધ સૂવર્ણ જેવા, જડ-ચેતનના ફડચા કરનારા, શુભ ને શુદ્ધનો સ્પષ્ટ વિભાગ કરનારા, મોક્ષભાવને જ પોષનારા, સમ્યક્ અને ન્યાયયુક્ત છે. આપના શબ્દે શબ્દે વીતરાગદેવનું હૃદય પ્રગટ થાય છે. અમે વાકયે વાકયે વીતરાગદેવની વિરાધના કરતા હતા. અમારું એક વાકય પણ સાચું નહોતું. શાસ્ત્રમાં જ્ઞાન નથી, જ્ઞાનપર્યાયમાં જ્ઞાન છે-એ વાતનો અમને હવે સાક્ષાત્કાર થાય છે. શાસ્ત્રોએ ગાયેલું જે સદ્ગુરુનું મહાત્મ્ય તે હવે અમને સમજાય છે. શાસ્ત્રોનાં તાળાં ઉઘાડવાની ચાવી વીતરાગ દેવે સદ્ગુરુને સોંપી છે. સદ્ગુરુનો ઉપદેશ પામ્યા વિના શાસ્ત્રોનો ઉકેલ થવો અત્યંત કઠિન છે.'

પરમ કૃપાળુ ગુરુદેવનું જ્ઞાન જેવું અગાધ ને ગંભીર છે તેવી જ તેમની વ્યાખ્યાનશૈલી ચમત્કૃતિ ભરેલી છે. તેઓશ્રી કહેવાની વાતને એવી સ્પષ્ટતાથી, વિવિધતાથી, અનેક સાદા દાખલાઓ આપીને, શાસ્ત્રીય શબ્દોનો ઓછામાં ઓછો પ્રયોગ કરીને સમજાવે છે કે સામાન્ય મનુષ્યને પણ તે સહેલાઈથી સમજાય છે. અત્યંત ગહન વિષયને પણ અત્યંત સુગમ રીતે પ્રતિપાદિત કરવાની ગુરુદેવમાં વિશિષ્ટ શક્તિ છે. વળી મહારાજશ્રીની વ્યાખ્યાનશૈલી એટલી રસમય છે કે જેમ સર્પ મોરલી પાછળ મુગ્ધ બને છે તેમ શ્રોતાઓ મંત્રમુગ્ધ બની જાય છે; સમય કયાં પસાર થઈ જાય છે તેનું ભાન પણ રહેતું નથી. સ્પષ્ટ અને રસમય હોવા ઉપરાંત મહારાજશ્રીનું પ્રવચન કરતાં અધ્યાત્મમાં એવા તન્મય થઈ જાય છે, પરમાત્મદશા પ્રત્યેની એવી ભક્તિ તેમના મુખ પર દેખાય છે કે શ્રોતાઓને તેની અસર થયા વિના રહેતી નથી. અધ્યાત્મની જીવંત મૂર્તિ ગુરુદેવના દેહના અણુએ અણુમાંથી જાણે અધ્યાત્મરસ નીતરે છે. તે અધ્યાત્મમૂર્તિની મુખમુદ્રા, નેત્રો, વાણી, હૃદય બધાં એકતાર થઈ અધ્યાત્મની રેલંછેલ કરે છે અને મુમુક્ષુઓનાં હૃદયો એ અધ્યાત્મરસથી ભિંજાઈ જાય છે.

ગુરુદેવનું વ્યાખ્યાન સાંભળવું એ એક જીવનનો લ્હાવો છે. તેમનું વ્યાખ્યાન સાંભળ્યા પછી અન્ય વ્યાખ્યાતાઓના વ્યાખ્યાનમાં રસ પડતો નથી. તેમનું વ્યાખ્યાન સાંભળનારને એટલું તો સ્પષ્ટ લાગે છે કે 'આ પુરુષ કોઈ જાુદી જાતનો છે, જગતથી એ કાંઈક જાુદું કહે છે, અપૂર્વ કહે છે. એના કથન પાછળ કોઈ અજબ દ્રઢતા ને જોર છે. આવું કયાંય સાંભળ્યું નથી. ' મહારાજશ્રીના વ્યાખ્યાનમાંથી અનેક જીવો પોતપોતાની પાત્રતા અનુસાર લાભ મેળવી જાય છે. કેટલાકને સત્ પ્રત્યે રુચિ જાગે છે. કોઈ કોઈને સત્સમજણના અંકુર ફુટે છે અને કોઈ વિરલ જીવોની તો દશા જ પલટાઈ જાય છે.

અહો! આવું અલૌકિક પવિત્ર અંતર્પરિણમન કેવળજ્ઞાનનો અંશ, અને આવો પ્રબળ પ્રભાવનાઉદય તીર્થંકરત્વનો અંશ, એ બેનો સુયોગ આ કળિકાળમાં જોઈને રોમાંચ થાય છે. મુમુક્ષુઓનાં મહાપુણ્ય હજાુ તપે છે.

અહો! એ પરમ પ્રભાવક અધ્યાત્મમૂર્તિની વાણીની તો શી વાત, તેનાં દર્શન પણ મહાપુણ્યના થોક ઊછળે ત્યારે પ્રાપ્ત થાય છે. એ અધ્યાત્મયોગીની સમીપમાં સંસારના આધિ-વ્યાધિ-ઉપાધિ ફરકી શકતાં નથી. સંસારતપ્ત પ્રાણીઓ ત્યાં પરમ વિશ્રાંતિ પામે છે અને સંસારનાં દુઃખો માત્ર કલ્પનાથી જ ઊભાં કરેલાં તેમને ભાસવા માંડે છે. જે

વૃત્તિઓ મહાપ્રયત્ને પણ દબાતી નથી તે ગુરુદેવના સાન્નિધ્યમાં વિના પ્રયત્ને શમી જાય છે એ ઘણા ઘણા મુમુક્ષુઓનો અનુભવ છે. આત્માનું નિવૃત્તિમય સ્વરૂપ, મોક્ષનું સુખ વગેરે ભાવોની જે શ્રધ્ધા અનેક દલીલોથી થતી નથી તે ગુરુદેવનાં દર્શન માત્રથી થઈ જાય છે, ગુરુદેવનાં જ્ઞાન ને ચારિત્ર મુમુક્ષુ પર મહા કલ્યાણકારી અસર કરે છે. ખરેખર કાઠિયાવાડને આંગણે શીતળ છાંયવાળું, વાંછિત ફળ દેનાર કલ્પવૃક્ષ ફળ્યું છે. કાઠિયાવાડનાં મહાભાગ્ય ખીલ્યાં છે.

હવે, સોનગઢમાં પરિવર્તન કર્યા પછીના, મહારાજશ્રીના જીવનવૃત્તાંત સાથે સંબંધ રાખતા કેટલાક પ્રસંગો કાળાનુક્રમે સંક્ષેપમાં જોઈ જઈએ,

સોનગઢથી બાર માઈલ દૂર આવેલા શ્રીશત્રુંજય તીર્થની યાત્રા કરવાની ઘણા વખતથી મહારાજશ્રીની ભાવના હતી. તે સં. ૧૯૯૫ ના પોષ વદ તેરશે પૂર્ણ થઈ. લગભગ ૨૦૦ ભક્તો સહિત મહારાજશ્રીએ તે તીર્થરાજની યાત્રા અતિ ઉત્સાહ ને ભક્તિપૂર્વક કરી.

રાજકોટના શ્રાવકોના બહુ આગ્રહને લીધે સં. ૧૯૯૫ માં મહારાજશ્રીનું રાજકોટ પધારવું થયું. ત્યાં દશેક માસની સ્થિતિ દરમ્યાન મહારાજશ્રીએ સમયસાર, આત્મસિદ્ધિ અને પદ્મનંદિપંચવિંશતિ પર અપૂર્વ પ્રવચનો કર્યાં. ગુરુદેવનાં આગળ વધેલા જ્ઞાનપર્યાયોમાંથી નીકળેલા જડ–ચેતનની વહેંચણીના, નિશ્ચય–વ્યવહારની સંધિના તેમ જ બીજા અનેક અપૂર્વ ન્યાયો સાંભળી રાજકોટના હજારો લોકો પાવન થયા અને અનેક સુપાત્ર જીવોએ પાત્રતા અનુસાર આત્મલાભ મેળવ્યો. દશ માસ સુધી ‘આનંદકુંજ’માં ( મહારાજશ્રી ઊતર્યા હતા તે સ્થાનમાં ) નિશદિન આધ્યાત્મિક આનંદનું વાતાવરણ ગુંજી રહ્યું.

રાજકોટથી સોનગઢ પાછા ફરતાં મહારાજશ્રી ગિરિરાજ ગિરનારતીર્થની યાત્રા કરવા પધાર્યા અને એ પવિત્ર નેમગિરિ ઉપર લગભગ ૩૦૦ ભક્તો સાથે ત્રણ દિવસ રહ્યા. ત્યાં એ સમવસરણના દેરાસરજીમાં તથા દિગંબર દેરાસરજીમાં ઉછળેલી ભક્તિ, એ સહસ્ત્રામ્રવનમાં જામી ગયેલી સ્તવનભક્તિની ધૂન અને એ સમશ્રેણીની પાંચમી ટુંકે પૂ. ગુરુદેવશ્રી ‘હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે!’ વગેરે પદો પરમ અધ્યાત્મરસમાં તરબોળ બની ગવરાવતા હતા તે વખતે પ્રસરી ગયેલું શાંત આધ્યાત્મિક વાતાવરણ–એ બધાંનાં ધન્ય સ્મરણો તો જીવનભર ભક્તોના સ્મરણપટ પર કોતરાઈ રહેશે.

રાજકોટ જતાં તથા ત્યાંથી પાછા ફરતાં પરમ પૂજ્ય ગુરુદેવ રસ્તામાં આવતાં અનેક ગામોમાં વીતરાગપ્રણીત સદ્ધર્મનો ડંકો વગાડતા ગયા અને અનેક સત્પાત્રોના કર્ણપટ ખોલતા ગયા. ગામે ગામ લોકોની ભક્તિ ગુરુદેવ પ્રત્યે ઊછળી પડતી હતી અને લાઠી, અમરેલી વગેરે મોટા ગામોમાં અત્યંત ભવ્ય સ્વાગત થતું હતું. ગુરુદેવનો પ્રભાવનાઉદય જોઈ, જે કાળે તીર્થંકરદેવ વિચરતા હશે તે ધર્મકાળમાં ધર્મનું, ભક્તિનું, અધ્યાત્મનું કેવું વાતાવરણ ફેલાઈ રહેતું હશે તેનો તાદશ ચિતાર કલ્પનાચક્ષુ સમક્ષ ખડો થતો.

સં. ૧૯૯૬ ના વૈશાખ માસમાં ગુરુદેવના પુનિત પગલાં ફરી સોનગઢમાં થયાં.

ત્યાર પછી તુરત જ શેઠ કાળીદાસ રાઘવજી જસાણીના ભક્તિવંત સુપુત્રોએ શ્રી સ્વાધ્યાય મંદિર પાસે શ્રી સીમંધરભગવાનનું જિનમંદિર બંધાવવા માંડયું, જેમાં શ્રી સીમંધર ભગવાનના અતિ ભાવવાહી પ્રતિમાજી ઉપરાંત શ્રી શાન્તિનાથ આદિ અન્ય ભગવંતોનાં ભાવવાહી પ્રતિમાજીની પ્રતિષ્ઠા પંચકલ્યાણકવિધિપૂર્વક સં. ૧૯૯૭ ના ફાગણ સુદ બીજના માંગલિક દિને થઈ. પ્રતિષ્ઠામહોત્સવમાં બહારગામના લગભગ ૧૫૦૦ માણસોએ ભાગ લીધો હતો. પ્રતિષ્ઠાના આઠે દિવસ પરમ પૂજ્ય ગુરુદેવના મુખમાંથી ભક્તિરસભીની અલૌકિક વાણી છૂટતી હતી. લોકોને પણ ઘણો ઉત્સાહ હતો. પ્રતિષ્ઠાદિન પહેલાં થોડા દિવસે શ્રી સીમંધર ભગવાનના પ્રથમ દર્શને પરમ પૂજ્ય ગુરુદેવની આંખોમાંથી આંસુ વહ્યાં હતાં. સીમંધર ભગવાન મંદિરમાં પ્રથમ પધાર્યા ત્યારે ગુરુદેવને ભક્તિરસની ખુમારી ચડી ગઈ અને આખો દેહ ભક્તિરસના મૂર્ત સ્વરૂપ જેવો શાંત શાંત નિશ્ચેષ્ટ ભાસવા લાગ્યો. ગુરુદેવથી સાષ્ટાંગ પ્રણમન થઈ ગયું અને ભક્તિરસમાં અત્યંત એકાગ્રતાને લીધે દેહ એમ ને એમ બે ત્રણ મિનિટ સુધી નિશ્ચેષ્ટપણે પડી રહ્યો. આ ભક્તિનું અદ્‌ભુત દ્રશ્ય, પાસે ઊભેલા મુમુક્ષુઓથી જીરવી શકાતું નહોતું; તેમનાં નેત્રોમાં અશ્રુ ઉભરાયાં અને ચિત્તમાં ભક્તિ ઊભરાઈ. ગુરુદેવે પોતાના પવિત્ર હાથે

પ્રતિષ્ઠા પણ ભક્તિભાવમાં જાણે દેહનું ભાન ભૂલી ગયા હોય એવા અપૂર્વ ભાવે કરી હતી.

આ જિનમંદિરમાં બપોરના વ્યાખ્યાન પછી દરરોજ પોણો કલાક ભક્તિ થાય છે. ભક્તિમાં પરમ પૂજ્ય ગુરુદેવ પણ હાજર રહે છે. બપોરનું પ્રવચન સાંભળતા આત્માના સૂક્ષ્મ સ્વરૂપના પ્રણેતા વીતરાગ ભગવંતનું માહાત્મ્ય હૃદયમાં સ્ફૂર્યું હોય છે તેથી પ્રવચનમાંથી ઊઠી તુરત જ જિનમંદિરમાં ભક્તિ કરતાં વીતરાગદેવ પ્રત્યે પાત્ર જીવોને અદ્‌ભુત ભાવ ઉલ્લસે છે. આ રીતે જિનમંદિર જ્ઞાન ને ભક્તિના સુંદર સુમેળનું નિમિત્ત બન્યું છે.

શ્રી જિનમંદિર બંધાયા પછી એક વર્ષે થોડા મુમુક્ષુ ભાઈઓ દ્વારા જિનમંદિરની પાસે જ શ્રી સમવસરણ મંદિર બંધાયું. તેમાં શ્રી સીમંધર ભગવાનનાં અતિ ભાવવાહી ચતુર્મુખ પ્રતિમાજી બિરાજે છે. સુંદર આઠ ભૂમિ, કોટ, ( મુનિઓ અર્જિકાઓ, દેવો, મનુષ્યો, તિર્યંચો વગેરેની સભાઓ સહિત ) શ્રીમંડપ, ત્રણ પીઠિકા, કમળ, ચામર, છત્ર, અશોકવૃક્ષ, વિમાનો વગેરેની શાસ્ત્રોકત વિધિથી તેમાં અતિ આકર્ષક રચના છે. મુનિઓની સભામાં શ્રી સીમંધર ભગવાન સામે અત્યંત ભાવપૂર્વક હાથ જોડીને ઊભેલા શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યનાં અતિ સૌમ્ય મુદ્રાવંત પ્રતિમાજી છે. પ્રતિષ્ઠામહોત્સવ સં. ૧૯૯૮ ના વૈશાખ વદ ૬ ના માંગલિક દિવસ થયો હતો અને તે પ્રસંગે બહારગામથી લગભગ ૨૦૦૦ માણસો આવ્યાં હતાં. શ્રી સમવસરણના દર્શન કરતાં શ્રીમદ્ ભગવત્‌કુંદકુંદાચાર્ય સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં ગયા હતા તે પ્રસંગ મુમુક્ષુનાં નેત્રો સમક્ષ ખડો થાય છે અને તેની સાથે સંકળાયેલા અનેક પવિત્ર ભાવો હૃદયમાં સ્ફુરતાં મુમુક્ષુનું હૃદય ભક્તિ ને ઉલ્લાસથી ઊછળી પડે છે. શ્રી સમવસરણ મંદિર થતાં, મુમુક્ષુઓને તેમના અંતરનો એક પ્રિયતમ પ્રસંગ દ્રષ્ટિગોચર કરવાનું નિમિત્ત પ્રાપ્ત થયું છે. સોનગઢમાં એક ભવ્ય માનસ્તંભ બંધાવવાનો વિચાર કેટલાક મુમુક્ષુ ભાઈઓએ વ્યક્ત કર્યો છે. અને તે પ્રસંગ પણ ઘણો જ અદ્‌ભુત નીવડશે એમ ખાત્રી છે.

સં. ૧૯૯૮ ના અસાડ વદ એકમના રોજ શ્રી સોનગઢમાં શ્રી ગુરુરાજે સભા સમક્ષ શ્રી પ્રવચનસારનું વાંચન શરૂ કર્યું હતું તેમાંથી જ્ઞેય અધિકાર ઉપડતા અનેક વર્ષોમાં જોએલ તેનાથી પણ કોઈ અચિંત્ય ને આશ્ચર્યકારક ગુરુદેવના અંતર આત્મમાંથી નિર્મળ ભાવશ્રુતજ્ઞાનની પર્યાયમાંથી સુક્ષ્મ ને ગહન એવો શ્રુતનો ધોધ વહેવા લાગ્યો તે ધોધ જેણે જાણ્યો હશે ને બરાબર શ્રવણ કર્યો હશે તેને ખ્યાલ હશે બાકી તો શું કહી શકાય ?

શ્રવણ કરતાં એમ થતું હતું કે આ તે કોઈ આશ્ચર્યકારી આત્મવિભૂતિ જોવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું ! કે કોઈ અચિંત્ય શ્રુતની નિર્મળ શ્રેણી જોવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું ? ખરેખર સ્વાત્મસ્વરૂપ વૃદ્ધિરૂપ તે ધન્ય પ્રસંગ સદાયને માટે હૃદયના જ્ઞાનપટ પર કોતરાઈ રહેશે. ને ફરી ફરી આવા અનેક તરહના સુપ્રસંગો સંપ્રાપ્ત થશે. અને તેવો સુપ્રસંગ રાજકોટના ચાતુર્માસમાં પ્રાપ્ત થયો હતો. રાજકોટમાં તેમની વાણી અપૂર્વ નીકળી હતી અને તેનો લાભ ઘણા મુમુક્ષોએ લીધો.

સં. ૧૯૯૮ ના ભાદરવા સુદ પાંચમના રોજ સોનગઢમાં શ્રી સનાતન જૈન બ્રહ્મચર્યાશ્રમ સ્થાપવામાં આવ્યું છે. તેમાં ત્રણ વર્ષનો અભ્યાસક્રમ રાખવામાં આવ્યો છે. દશેક બ્રહ્મચારીઓ તેમાં જોડાયા છે. તેમાં જોડાનાર બ્રહ્મચારી ત્યાં ત્રણ વર્ષ સુધી રહી દરરોજ ત્રણેક કલાક નિયત કરેલા ધાર્મિક પુસ્તકોનું શિક્ષણ પ્રાપ્ત કરે છે. તે પ્રાપ્ત થયેલા શિક્ષણને એકાંતમાં સ્વાધ્યાય દ્વારા દ્રઢ કરે છે અને મહારાજશ્રીના પ્રવચનો, ભક્તિ વગેરેમાં ભાગ લે છે. એમ આખો દિવસ ધાર્મિક પ્રવૃત્તિમાં ગાળે છે.

પરમ પૂજ્ય ગુરુદેવે ફરીને પાછા રાજકોટના શ્રાવકોના આગ્રહને લીધે અને પ્રભાવનાઉદયને લીધે સં. ૧૯૯૯ ના ફાગણ સુદ પાંચમના રોજ સોનગઢથી વઢવાણ રસ્તે રાજકોટ જવા માટે વિહાર કર્યો હતો, તે ચૈત્ર વદ ૧૧ બુધવારના રોજ પુરો થતાં તેઓશ્રીએ તે રોજ સોનગઢમાં પ્રવેશ કર્યો છે. અમૃત વરસતા મહામેઘની જેમ રસ્તામાં આવતા દરેક ગામમાં અને રાજકોટમાં ગુરુદેવે પરમાર્થ–અમૃતનો ધોધમાર વરસાદ વરસાવ્યો છે, અને અનેક તૃષાવંત જીવોની તૃષા છિપાવી છે. હજારો ભાગ્યવંત જીવો જૈનો ને જૈનેતરો–એ અમૃતવર્ષાને ઝીલી સંતુષ્ટ થયા છે. જૈનેતરો પણ ગુરુદેવનો આધ્યાત્મિક ઉપદેશ સાંભળી દિંગ થઈ ગયા છે. જૈન દર્શનમાં માત્ર બાહ્ય ક્રિયાનું જ પ્રતિપાદન નથી પણ તેમાં સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન ભરપુર ભરેલું છે એમ સમજાતાં તેમને જૈન દર્શન પ્રત્યે

બહુમાન પ્રગટયું છે. ગામોગામ બાળકો, યુવાનો ને વૃદ્ધોમાં, જૈનો ને જૈનેતરોમાં મહારાજશ્રીએ આત્મવિચારનાં પ્રબળ આંદોલનો ફેલાવ્યા છે અને આ મોંઘા મનુષ્યભવમાં જો જીવે દેહ, વાણી અને મનથી પર એવા પરમ તત્ત્વનું ભાન ન કર્યું તેની રુચિ પણ ન કરી, તો આ મનુષ્યભવ નિષ્ફળ છે' એમ દાંડી પીટીને જાહેર કર્યું છે અને જાહેર કરે છે.

એ અમૃતસિંચક યોગિરાજ કાઠિયાવાડની બહાર વિચર્યા નથી. જો તેઓશ્રી હિંદુસ્તાનમાં વિચરે તો આખા ભારતવર્ષમાં ધર્મની પ્રભાવના કરી હજારો તૃષાવંત જીવોની તૃષા છિપાવી શકે એવી અદ્‌ભુત શક્તિ તેમનામાં દેખાય છે.

આવી અદ્‌ભુત શક્તિના ધરનાર પવિત્રાત્મા કાનજીસ્વામી કાઠિયાવાડની મહા પ્રતિભાશાળી વિભૂતિ છે. તેમના પરિચયમાં આવનાર પર તેમના પ્રતિભાયુક્ત વ્યક્તિત્વનો પ્રભાવ પડયા વિના રહેતો નથી. તેઓશ્રી અનેક સદ્‌ગુણોથી અલંકૃત છે. તેમની કુશાગ્ર બુદ્ધિ દરેક વસ્તુના હાર્દમાં ઊતરી જાય છે. તેમની સ્મરણશક્તિ વર્ષોની વાતને તિથિવાર સહિત યાદ રાખી શકે છે. તેમનું હૃદય વજ્રથીયે કઠણ ને કુસુમથીયે કોમળ છે. તેઓશ્રી અવગુણ પાસે અણનમ હોવા છતાં સહેજ ગુણ દેખાતાં નમી પડે છે. બાળબ્રહ્મચારી કાનજીસ્વામી એક અધ્યાત્મમસ્ત આત્માનુભવી પુરુષ છે, અધ્યાત્મમસ્તી તેમની રગેરગમાં વ્યાપી ગઈ છે. આત્માનુભવ તેમના શબ્દે શબ્દમાં ઝળકે છે. તેમના શ્વાસે શ્વાસે 'વીતરાગ! વીતરાગ!' નો રણકાર ઊઠે છે. કાનજીસ્વામી કાઠિયાવાડનું અદ્વિતીય રત્ન છે. કાઠિયાવાડ કાનજીસ્વામીથી ગૌરવવંત છે.

હિંમતલાલ જેઠાલાલ શાહ.
બી. એસ. સી.

( અનુસંધાન પા. ૮૨ થી ચાલુ )

દર્શનને નક્કી કરનાર જ્ઞાન જ છે. કોઈ પણ ગુણને જાણનાર જ્ઞાન જ છે. દર્શન પોતે અસ્તિરૂપ ગુણ છે.

મહિમા બધે જ્ઞાનનો જ છે; બધે ચૈતન્ય જ્યોતનું જ ચમકવું છે. ( સમયસારમાં ) જ્યાં જ્યાં 'પ્રજ્ઞા' થી વર્ણન હોય ત્યાં બધે ઠેકાણે જ્ઞાનને આમ જ ( ઉપર પ્રમાણે જ ) કહ્યું છે.

અપૂર્ણ જ્ઞાન ભલે નિમિત્ત લ્યે છે પણ દર્શનના વિષયને લક્ષમાં લેનાર જ્ઞાન છે. એક સમયમાં વિકલ્પ રહિત જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે; દર્શનનો અભેદ વિષય લક્ષમાં લ્યે ત્યારે જ જ્ઞાનની પર્યાય ખીલે છે. એમ નક્કી કરનાર પણ જ્ઞાનની પર્યાય જ છે.

'જ્ઞાન નિમિત્તને જાણે છે' એમાં પર તરફ વજન જાય છે એના કરતાં જ્ઞાને દર્શનનો વિષય નક્કી કર્યો ત્યારે જ્ઞાન સમ્યક્ થયું છે એમ સામાન્યપણે જે જ્ઞાન કર્યું છે તેનું જોર ( વજન ) જોઈએ.

જ્ઞાન ગુણને વિશેષ, સવિકલ્પ કે સાકાર કહેવાય છે. જ્ઞાન પોતાને જાણે છે અને પરને પણ જાણે છે તેથી વિશેષ કહ્યો છે; સવિકલ્પ કહેવાથી 'જ્ઞાનમાં રાગવિકલ્પ છે' એમ નથી કહ્યું–પણ જ્ઞાનનું સ્વ–પર પ્રકાશકપણું કહ્યું છે; તથા સાકાર કહ્યું તેથી કાંઈ જડના આકારવાળું નથી, પણ તેનો સ્વપરને જાણવાનો સ્વભાવ બતાવ્યો છે.

દરેક વસ્તુ સામાન્ય–વિશેષપણે એટલે કે દ્વૈતપણે હોય છે. ચેતના પણ દ્વૈતપણે અર્થાત્ દર્શન અને જ્ઞાનરૂપ સામાન્ય–વિશેષપણે છે. 'વિશેષમાં બધું આવે છે વિશેષ દર્શનને નક્કી કરનાર છે. '

અહીં સામાન્ય વિશેષ શા માટે લીધા છે?

( ૧ ) વિશેષમાં બધું સમાઈ જાય છે.

( ૨ ) પુણ્ય–પાપ કે રાગ–દ્વેષને કોઈ 'આત્માનું વિશેષ' કહેતાં હોય તો તેમ નથી. પણ પર્યાય તે વિશેષ છે અને અખંડ દ્રવ્ય તે સામાન્ય છે.

( ૩ ) ચેતના સામાન્ય વિશેષ સ્વરૂપ છે, સામાન્ય વિશેષ ( દર્શન–જ્ઞાન ) વગર ચેતના હોઈ શકે નહીં અને ચેતના વગર આત્મા ન હોય. કારણકે વ્યાપક ચેતના છે અને વ્યાપ્ય આત્મા છે. વ્યાપક વિના વ્યાપ્ય હોય નહીં.

જ્ઞાન તો પોતાનું સ્વરૂપ છે. તેનો સ્વપર પ્રકાશક સ્વભાવ છે, તેની એક સમયની એક પર્યાયમાં આખો સ્વભાવ અને અવસ્થા બધું આવે છે.

મુદ્રકઃ– ચુનીલાલ માણેકચંદ રવાણી. શિષ્ટ સાહિત્ય મુદ્રણાલય વિજ્યાવાડી, મોટા આંકડિયા. તા. ૨૪–૪–૪૪
પ્રકાશક–જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ વતી જમનાદાસ માણેકચંદ રવાણી, વિજ્યાવાડી, મોટા આંકડિયા, કાઠિયાવાડ